પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ ● અંક : ૨૬૫ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૩-૦૭-૨૦૨૪ બુધવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# ઉત્તર પ્રદેશના હાથરસમાં સત્સંગમાં નાસભાગ મચી જતાં ૧૨૦ લોકોના મોત



યુપીના હાથરસના પુલરાઈ ગામમાં મંગળવારે બપોરે સત્સંગ પૂરો કર્યા બાદ નારાયણ સાકર હરિ તરીકે જાણીતા સૂરજ પાલ ઉર્ફે ભોલે બાબાની કાર નીકળી હતી અને તેમના ચરણસ્પર્શ કરવા લોકો ગાડી પાછળ દોટ મૂકી હતી બસ તેમાં જ સેંકડો લોકો માર્યા ગયાં હતા.ચરણસ્પર્શ કરવા ગુરુજીની ગાડી પાછળ દોટ મૂકીઘટનાને નજરે જોનાર લોકોએ કહ્યું કે મેદાનમાં સત્સંગ પંડાલ બનાવવામાં આવ્યો હતો. સત્સંગ પૂરો થયા પછી ગુરુજીની ગાડી નીકળી. લોકો તેના પગ સ્પર્શ કરવા દોડ્યા અને નાસભાગ મચી ગઈ. ઘણા લોકો પડી ગયા અને લોકો તેમના પર ચડીને બહાર આવવા લાગ્યા. પ્રત્યક્ષદર્શી રામદાસે જણાવ્યું કે તે તેની પત્નીને દવા કરાવવા માટે અલીગઢ લઈ ગયો હતો. ત્યાંથી સત્સંગમાં હાજરી આપી પરત ફર્યા. રામદાસ બહાર સેવાદાર પાસે બેઠા હતા, જ્યારે તેમની પત્ની સત્સંગની અંદર ગઈ હતી અને અકસ્માતનો ભોગ બની હતી. રામદાસે કહ્યું કે તેમને કહેવામાં આવ્યું કે તેમની પત્નીને એમ્બ્યુલન્સમાં હોસ્પિટલમાં લઈ જવામાં આવી છે. રામદાસે કહ્યું કે અમે પંડાલથી દૂર બેઠા હતા, અમે જોયું કે અચાનક એક ભીડ બહાર આવી, લગભગ ૧.૫ થી ૨ લાખ લોકોની ભીડ હતી. ૫૦ થી ૬૦ વીઘાનું મેદાન હતું, જેમાં પંડાલ બનાવવામાં આવ્યો હતો. આખો રસ્તો જામ થઈ ગયો હતો.

હાથરસ કાંડમાં બચી જનાર એક કિશોરી જ્યોતિએ એવું કહ્યું કે હું મારી મમ્મી સાથે સત્સંગમા ગઈ હતી. મંગળવારે ભોલે બાબાના સત્સંગમાં ભારે ભીડ હતી. લગભગ ત્રણ કલાક સુધી સત્સંગ ચાલ્યો હતો, પંડાલમાંથી



બહાર નીકળવાનો રસ્તો ખૂબ જ સાંકડો હતો. બહાર નીકળવાની ઉતાવળમાં લોકો એકબીજા પર પડ્યા અને નાસભાગ મચી ગઈ. જ્યારે મેં બહાર જવાનો પ્રયાસ કર્યો ત્યારે મને બહાર પાર્ક કરેલી મોટરસાઈકલ જોવા મળી. જેના કારણે રસ્તો બ્લોક થઈ ગયો હતો. દરમિયાન પાછળથી ઘણા લોકો અમને પણ ધક્કો મારીને આગળ વધી રહ્યા હતા. મને પણ લાગ્યું કે હું કચડાઈ જઈશ. ત્યાં સુધીમાં અનેક લોકો બેભાન થઈને જમીન પર પડી ગયા હતા.

હાથરસથી ૪૦ કિમી દૂર ફૂલરાઈ ગામમાં બાબા ભોલેનો સત્સંગ ચાલી રહ્યો હતો જેમાં સવા લાખથી વધુ લોકો આવ્યાં હતા ધાર્યા કરતાં વધારે લોકો આવ્યાં હોવાથી ગરમી અને બફારાને કારણે લોકોનો શ્વાસ રૂંધાવા લાગ્યો હતો. સત્સંગ પૂરો થયા પછી જ્યારે લોકો બહાર જવા માટે ઉભા થયા તો તે બેભાન થઈને પડવા લાગ્યો. જેના કારણે ત્યાં નાસભાગ મચી ગઈ હતી. નાસભાગમાં ૧૨૨થી વધુ લોકોના મોત થયાં છે અને હજુ આંકડો વધી રહ્યો છે.

## કોણ છે ભોલે બાબા?

નારાયણ સાકર હરિ તરીકે જાણીતા સૂરજ પાલ ઉર્ફે ભોલે બાબા મૂળ કાસગંજના પટિયાલી ગામના છે. તેમણે પટિયાલીમાં પોતાનો આશ્રમ બનાવ્યો છે. સંત બનતા પહેલા ભોલે બાબા યુપી પોલીસમાં નોકરી કરતા હતા. ૧૮ વર્ષ પોલીસની નોકરી કર્યા બાદ સ્વૈચ્છિક નિવૃતી લઈને પોતાના ગામમાં ઝૂંપડી બાંધીને રહેવા લાગ્યાં અને ગામડે ગામડે ભક્તિનો પ્રચાર કર્યો તેઓ હંમેશા સફેદ રંગના પેન્ટ અને શર્ટમાં સિંહાસન પર બેસીને ઉપદેશ આપે છે. ભોલે બાબાનો આ સત્સંગ પશ્ચિમ યુપીના લોકોમાં વધુ પ્રખ્યાત એએછે જેમાં મોટી સંખ્યામાં ભક્તો હાજરી આપે છે. આજે ભોલે બાબાના લાખો અનુયાયીઓ છે.

## યુપીના હાથરસમાં નાસભાગમાં મરેલા લોકોની લાશો જોતાં આઘાતથી એક પોલીસ કોન્સ્ટેબલનું પણ મોત થયું

યુપીના હાથરસમાં ભોલે બાબાના સત્સંગમાં મોટી જાનહાની બાદ ઢગલાબંધ લાશો જોઈને આઘાતથી એક પોલીસ કોન્સ્ટેબનું હૃદય બેસી ગયું હતું અને તેઓ પણ મોતને ભેટયાં હતા. ક્વિક રિસ્પોન્સ ટીમ (ચછ્જ)ના કોન્સ્ટેબલ રવિ યાદવની લાશોની વ્યવસ્થા કરવાનું કામ સોંપાયેલું હતું પરંતુ આટલી મોટી સંખ્યામાં લાશો જોઈને તેમને હાર્ટ એટેક આવી ગયો અને તેમનું પણ તત્કાળ મરણ થયું. ઈન્સપેક્ટર જગદીશ ચંદ્ર મૌર્યએ જણાવ્યું હતું કે કોન્સ્ટેબલ રવિ યાદવની ફરજ હાથરસ અકસ્માતમાં મૃતકોના મૃતદેહોની વ્યવસ્થા કરવાની હતી. ફરજ પર હતા ત્યારે તેમને હૃદયરોગનો હુમલો આવ્યો અને મૃત્યુ થયું. સત્સંગ સ્થળની વ્યવસ્થા એટલી નબળી હતી કે નાસભાગ બાદ મૃતદેહોને હોસ્પિટલમાં લઈ જવામાં મુશ્કેલી પડી હતી તે ઉપરાંત બહાર જવાનો રસ્તો પણ ખૂબ સાંકડો હતો.

## પુણેમાં ઝિકા વાયરસના કેસથી હડકંપ, બે ગર્ભવતી મહિલા સહિત ૬ કેસ નોંધાતા આરોગ્ય તંત્ર દોડતું થયું



પુણે,

મહારાષ્ટ્રમાં ઝિકા વાયરસે ફરી માથું ઉચક્યું છે. રાજ્યના પુણેમાં ઝિકા વાયરસ ફેલાઈ રહ્યો છે. શહેરમાં સક્રમણના ૬ કેસ નોંધાતા તંત્ર દોડતું થયું છે. ખાસ વાત એ છે કે આમાં બે ગર્ભવતી મહિલાઓ પણ સામેલ છે.

આરોગ્ય વિભાગના અધિકારીઓના જણાવ્યાનુસાર, પુણેના એરંડવાને વિસ્તારની ૨૮ વર્ષની ગર્ભવતી મહિલામાં ઝિકા વાયરસથી સંક્રમિત થઈ છે. મહિલાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આ સિવાય અન્ય એક ૧૨ સપ્તાહની ગર્ભવતી મહિલા પણ ઝિકા વાયરસથી સંક્રમિત હોવાનું જાણવા મળ્યું છે. હાલ બંને મહિલાઓની હાલત સ્થિર છે. જો ગર્ભવતી મહિલાઓ ઝિકા વાયરસનો શિકાર થાય તો ભ્રૂણમાં માઈક્રોસેફલી થઈ શકે છે. આ એવી સ્થિતિ છે જેમાં મગજના અસામાન્ય વિકાસને કારણે માથું ખૂબ નાનું થઈ જાય છે.

પુણેમાં ઝિકા વાઈરસના સંક્રમણનો પહેલો કેસ એરાંડવાને વિસ્તારમાં જ નોંધાયો હતો, જ્યારે ૪૬ વર્ષીય ડૉક્ટરનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. ડોક્ટર બાદ તેમની ૧૫ વર્ષની દીકરીનું સેમ્પલ પણ પોઝિટિવ આવ્યું હતું. આ સિવાય મુંઢવા વિસ્તારમાંથી બે સંક્રમિત લોકો મળી આવ્યા છે, જેમાંથી એક ૪૭ વર્ષની મહિલા અને બીજો ૨૨ વર્ષીય પુરુષ છે.પુણે મ્યુનિસિપલ કોર્પોરેશનનો આરોગ્ય વિભાગ તમામ દર્દીઓ પર નજર રાખી રહ્યું છે. અધિકારીઓના જણાવ્યાનુસાર, સાવચેતીના પગલા તરીકે, મચ્છરોથી બચવા માટે ફોગિંગ અને ફ્યુમિગેશન જેવા પગલાં લેવામાં આવી રહ્યા છે.

નોંધનીય છે કે ઝિકા વાયરસ સંક્રમિત એડીસ મચ્છરના કરડવાથી ફેલાય છે. આ મચ્છર ડેન્ગ્યુ અને ચિકનગુનિયા જેવા વાયરસ ફેલાવવા માટે પણ જાણીતું છે. આ વાયરસની ઓળખ સૌપ્રથમ ૧૯૪૭માં યુગાન્ડામાં થઈ હતી.

## વિવિધતા છતાં ભારત હજારો વર્ષોથી એકજૂથ, આરએસએસના વડા મોહન ભાગવત



ગાજીપુર

રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ (આરએસએસ)ના વડા મોહન ભાગવતે સોમવારે યુદ્ધના નાયક અબ્દુલ હામિદના જીવન પર આધારિત પુસ્તક 'મેરે પાપા પરમવીર'નું વિમોચન કર્યું હતું. આ નિમિત્તે મોહન ભાગવતે કહ્યું કે, વિવિધતા છતાં ભારત હજારો વર્ષોથી એક રાષ્ટ્ર તરીકે કાર્ય કરી રહ્યુ છે અને જ્યારે પણ ચીન કે પાકિસ્તાન તરફથી હુમલાઓ થાય છે, ત્યારે આ એકતા સ્પષ્ટ રીતે દેખાઈ રહી છે

ગાજીપુરના ધામપુર ગામમાં પુસ્તક વિમોચન સમારોહ યોજાયો હતો, જ્યાં અબ્દુલ હામિદનો જન્મ થયો હતો. સૈનિક અબ્દુલ હામિદને ૧૯૬૫માં ભારત-પાકિસ્તાન યુદ્ધ દરમિયાન બહાદુરી માટે મરણોપરાંત પરમવીર ચક્રથી સન્માનિત કરાયા હતા. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના નેતા મોહન ભાગવતે કહ્યું કે બહારથી જે પણ દેખાય, પરંતુ દેશના પ્રત્યે પ્રેમ અને ભક્તિ દરેક જગ્યાએ જોવા મળી રહી છે. હામિદ જેવા વ્યક્તિત્વોની પ્રશંસા કરીને તેમણે ઉમેર્યું કે, દેશમાં દરેક જગ્યાએ માતૃભૂમિની પ્રત્યે પ્રેમ અને સમર્પણ જોવા મળે છે. અહીંયા નોંધવું રહ્યું કે, સૈનિકો દ્વારા હામિદના પરિવારને કહેલી શૌર્યની વાતો પર આધારીત પુસ્તક 'મેરે પાપા પરમવીર' પુસ્તકના વિમોચન નિમિત્તે તેમના પુત્ર જૈનુલ હસન ઉપસ્થિત રહ્યા હતા.

## રાજકોટ અગ્નિકાંડના સાગઠિયાની કાળી કમાણીનો પર્દાફાશ : ઓફિસમાં છુપાયેલો ખજાનો મળ્યો

રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકાના તત્કાલિન ટીપીઓ મનસુખ સાગઠિયાની ઓફિસમાં છઝ્મ્એ તપાસ હાથ ધરી હતી. જેમાં એસીબીની તપાસમાં સાગઠિયાની કાળી કમાણીનો પર્દાફાશ થયો છે. સાગઠિયાની ઓફિસમાં પાંચ કરોડ રોકડા મળી આવ્યા છે. તેમજ એક કરોડથી વધુની રકમનું સોનું સાગઠિયાની ઓફિસમાંથી મળ્યું છે. ત્યારે એસીબીની તપાસમાં સાગઠિયાના ભ્રષ્ટાચારના વધુ પ્રકરણ ખુલે તેવી શક્યતા છે.

મનસુખ સાગઠિયાની ઓફિસ ૧૫૦ ફૂટ રિંગ રોડ પરના ટ્વિન સ્ટાર બિલ્ડિંગમાં આવેલી છે. વેરો ન ભરવામાં આવતા ઓફિસને સીલ કરવામાં આવી હતી. જેને તપાસ માટે ખોલવામાં આવી. ગઈકાલ રાતથી એસીબી તપાસ કરી રહ્યું છે. સાગઠીયા ૫૦૦ કરોડથી વધુનો આસામી હોવાનો દાવો કરવામાં આવ્યો. ભ્રષ્ટ સાગઠીયાની ઓફિસમાંથી કરોડોનો રૂપિયાની રોકડ રકમ મળી આવી છે. ૧૫૦ ફૂટ રિંગરોડ પર આવેલ સાગઠીયાની ઓફિસનું સીલ ખુલતા રૂપિયા ૫ કરોડની રોકડ રકમ હાથ લાગી છે. તેમજ રોકડ રકમ ઉપરાંત એક કરોડથી વધુની કિંમતનું સોનું પણ મળી આવ્યું છે.

એસીબીની તપાસમાં હજુ પણ વધુ ખુલાસા થાય તેવી પુરી શક્યતા છે. ચર્ચા છે કે, મનસુખ સાગઠીયા ૫૦૦ કરોડથી વધુનો આસામી છે. સાગઠીયા સાથે સંકળાયેલા હજુ પણ એક પણ રાજકારણીનો નામ સામે આવ્યા નથી. પરંતુ સાગઠીયાના માથે કોનો હાથ છે તેની ચર્ચાએ જોર પકડ્યું છે. જિલ્લાના ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડમાં ટાઉન પ્લાનીગ, ફાયર સહિતના વિભાગના અધિકારીઓ સામે તપાસ ચાલી રહી છે. ત્યારે રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન પૂર્વ ટાઉન પ્લાનિંગ ઓફિસર મનસુખ સાગઠિયા સામે એસીબીએ ફરિયાદ નોંધી છે. રાજકોટ મનપાના ટીપીઓ મનસુખ સાગઠિયા સામે અપ્રમાણસર મિલકતની એસીબીએ ફરિયાદ દાખલ કરી છે. ઉપરાંત સાગઠિયા સાથે સંકળાયેલાં ત્રણ સ્થળે દરોડા પાડ્યા હતા. તે દરમિયાન તપાસમાં ૧૦.૫૫ કરોડની અપ્રમાણસર મિલકત મળી આવી જે આવક કરતાં વધુ સંપત્તિ હોવાનું સૂચવે છે. રાજકોટમાં ગેસ એજન્સી, પેટ્રોલ પંપ અને અમદાવાદમાં અદાણી શાંતિગ્રામમાં બંગલો મળ્યો છે. દરમિયાન તેના વતનમાં પણ છઝ્મ્ની તપાસ કરી રહી છે. સાગઠિયા પોતાની કાયદેસરની આવક રૂપિયા ૨,૫૭,૧૭,૩૫૯ના પ્રમાણમાં પોતાના તથા પરિવારજનોનાં નામે કુલ રોકાણ કરતાં તેમનો ખર્ચ રૂપિયા ૧૩,૨૩,૩૩,૩૨૩ કરેલાનું તપાસ દરમિયાન ફલિત થયું છે.

વિપક્ષના નેતા શક્તિસિંહ ગોહિલે રાજકોટ અગ્નિકાંડ મામલે સરકાર પર સવાલો કર્યા છે કે, જાણે કે સાગઠીયાને પૂરી લીધો એટલે બધું જ પૂરું થઈ ગયું. સાગઠીયાના બોસની કેમ ધરપકડ કરવામાં નથી આવતા. સાગઠીયાના બોસ સુધી કેમ પહોંચવામાં નથી આવતું. જ્યાં કલેકટર, કમિશ્નર, મેયર, ધારાસભ્ય જાય ત્યાં પીઆઈ પીએસઆઈ બંધ કરાવી શકે ખરા. સરકારની સંવેદના મરી પરવારી છે. પીડિત પરિવારજનોની મુલાકાત લીધી છે. જીવ ગુમાવનારા લોકો મધ્યમવર્ગીય છે. સરકાર ઉદ્યોગપતિઓના ૧૬ લાખ કરોડ માફ કરી શકતી હોય તો ૪ લાખ મૃતકના પરિવારજનોને સહાય ઓછી કહેવાય.

## પાકિસ્તાનની જેલમાંથી એકસાથે ભાગ્યા ૧૮ કેદીઓ, એલર્ટ જાહેર

રાવલકોટ,

પાકિસ્તાનની જેલમાંથી કેટલાક કેદીઓ ભાગી ગયા હોવાનું સામે આવ્યું છે. જેના કારણે પાકિસ્તાનની તમામ જેલોમાં હાઈ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. આ ઘટના મંગળવારે બની હતી. જેમાં ૧૮ વધુ કેદીઓ પણ ભાગી ગયા હતા.એવું કહેવામાં આવ્યું હતું કે કેદીઓએ બંદૂકની અણી પર ગાર્ડને કાબૂમાં રાખ્યો હતો અને મુખ્ય દરવાજો તોડીને ભાગી ગયા હતા. મળી રહેલી માહિતિ અનુસાર તેમાં ભારતનો એક મોસ્ટ વોન્ટેડ આતંકી હોવાની આશંકા પણ સેવાઈ રહી છે.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે નાસી છૂટેલા ૧૮ કેદીઓમાંથી છ મૃત્યુદંડની સજામાં હતા અને અન્ય ત્રણ આજીવન કેદની સજા ભોગવી રહ્યા હતા. અન્ય એક કેદીને ભાગી જવા દરમિયાન ગોળી મારી દેવામાં આવી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. તે પાંચ વર્ષની સજા ભોગવી રહ્યો હતો. મૃતકની ઓળખ ખય્યામ સઈદ તરીકે થઈ છે. સઈદ ૫ વર્ષની સજા ભોગવી રહ્યો હતો. જેઓ ભાગી ગયા હતા તેઓ સાકિબ મજીદ, ઉસ્માન ઈકરાર, શમીર આઝમ, અમીર અબ્દુલ્લા, ફૈઝલ હમીદ અને નઝીર યાસીન નામના છ મૃત્યુદંડના કેદી હતા.

માહિતિ અનુસાર આ ઘટના બાદ રાવલકોટ જેલના ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ સહિત ૭ અધિકારીઓની અટકાયત કરવામાં આવી છે અને સુરક્ષા ભંગની તપાસ શરૂ કરવામાં આવી છે. તેમજ જેલના વડા અને અન્ય અધિકારીઓને બરતરફ કરવામાં આવ્યા છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે કેટલાક અધિકારીઓને પૂછપરછ માટે અટકાયતમાં લેવામાં આવ્યા છે. સુરક્ષામાં ખામીના કારણે પાકિસ્તાન અધિકૃત કાશ્મીરની તમામ જેલોને હાઈ એલર્ટ પર રાખવામાં આવી છે.

પોલીસની ટીમ તમામ એંગલથી તપાસ કરી રહી છે. સાથે જ જેલ તોડવા પાછળના કારણની તપાસ કરવામાં આવી રહી છે. તેમજ કેટલાક જેલ અધિકારીઓને પણ બરતરફ કરવામાં આવ્યા છે. હાઈ રિસ્ક કેદીઓને જેલમાંથી બહાર કાઢીને અન્ય સ્થળે ખસેડવામાં આવ્યા છે.

## અમેરિકાની સ્પેસ એજન્સી 'સેરા' ભારતીય નાગરિકને અંતરિક્ષ યાત્રાની તક આપશે



નવીદિલ્હી

ટુંક સમયમાં જ કોઈ ભાગ્યશાળી ભારતીયને અંતરિક્ષમાં યાત્રા કરવાની તક મળી શકે છે. અમેરિકાની સ્પેસ એક્સપ્લોરેશન એન્ડ રિસર્ચ એજન્સી (સેરા)એ એક ભારતીય સહિત ૬ લોકોને અંતરિક્ષ યાત્રી બનાવવાનો મોકો આપ્યો છે. તેના માટે જેફ બેજોસના નેતૃત્વ વાળી બ્લુ ઓરિજીનની સાથે ભાગીદારી કરાઈ છે.

અંતરિક્ષમાં જવા માટે લોકો દ્વારા ઉમેદવાર માટે વોટીંગ કરવામાં આવશે. વોટ મેળવવા માટે પ્રચાર પણ કરી શકાય છે. ૧૮ વર્ષથી વધુ વયના લોકો અરજી કરી શકે છે.

આ ઉમેદવારી માટે શારીરિક ધોરણો (વજન, લંબાઈ, ફીટનેસ)ને પુરી કરવી પડશે. અંગ્રેજી ભાષાનું જ્ઞાન હોવું જોઈશે. પસંદગી પામેલ અંતરિક્ષ યાત્રીને બ્લુ ઓરિજીનના ન્યુ શેયર્ડ રોકેટ ૧૦૦ કિલોમીટરની ઉંચાઈ પર ૧૧ મીનીટ માટે લઈ જશે.

'સેરા'ના સહસંસ્થાપક સેમ હચિસને જણાવ્યું હતું કે, અમે એ નિશ્ચિત કરવા માંગીએ છીએ કે આ મિશન લોકો દ્વારા અને લોકો માટે સંચાલીત હોય. ભારતની અંતરિક્ષ યાત્રામાં ઉલ્લેખનીય સિદ્ધિઓ જોઈ અહીંના એક નાગરિકને અંતરિક્ષમાં લઈ જવાનો નિર્ણય લેવાયો છે.

## નવા ટેક્સ વધારા મામલે સરકાર સામે વિરોધ પ્રદર્શનમાં ૩૯ લોકોના મોત

નૈરોબી,

કેન્યામાં નવા ટેક્સ વધારા સામે સરકાર વિરોધી વિરોધ પ્રદર્શનમાં અત્યાર સુધીમાં ૩૯ લોકોએ જીવ ગુમાવ્યા છે. અહેવાલ મુજબ વિરોધીઓ આ અઠવાડિયે કેન્યામાં વિરોધ પ્રદર્શનના નવા રાઉન્ડની તૈયારી કરી રહ્યા છે. કેન્યા નેશનલ કમિશન ઓન હ્યુમન રાઈટ્સએ મૃત્યુઆંકની જાહેરાત કરી

કોર્ડ મુજબ, કેન્યામાં રાષ્ટ્રવ્યાપી કર કાયદાના વિરોધના સંદર્ભમાં ૩૯ લોકો માર્યા ગયા છે અને ૩૬૧ ઘાયલ થયા છે, અલ જઝીરાના અહેવાલો. અલ જઝીરા અહેવાલ આપે છે કે ૩૨ અમલ અથવા અનૈચ્છિક ગુમ થવાના કેસ નોંધાયા છે અને ૬૨૭ વિરોધીઓની ધરપકડ કરવામાં આવી છે.

કેન્યામાં સરકાર દ્વારા નવા ટેક્સ લાદવાને કારણે લોકો ખૂબ જ નારાજ છે અને મોટા પાયે વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યા છે. આ ક્રમમાં એક ટોળું સંસદમાં ઘૂસી ગયું અને ત્યાં આગ લગાવી દીધી. આ પછી સાંસદોને સંસદ ભવનમાંથી સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. વિરોધીઓ નવા ટેક્સનો વિરોધ કરી રહ્યા છે જે ડાયપર જેવી વસ્તુઓની કિંમતમાં વધારો કરશે.

નોંધનીય રીતે, રાષ્ટ્રપતિ વિલિયમ રુટોની સરકાર સામે તે સૌથી ગંભીર કટોકટી છે કારણ કે તેણે સપ્ટેમ્બર ૨૦૨૨ માં સત્તા સંભાળી હતી તે દેશમાં ઊંડે વિભાજનકારી ચૂંટણીઓ બાદ જે ઘણીવાર અશાંત પ્રદેશમાં સ્થિરતાના પ્રતીક તરીકે જોવામાં આવે છે. રુટોએ રવિવારે એક ટેલિવિઝન ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે વિરોધ પ્રદર્શનમાં ૧૯ લોકો માર્યા ગયા હતા, પરંતુ ભારપૂર્વક જણાવ્યું હતું કે મૃત્યુની તપાસ કરવામાં આવશે. માનવાધિકાર સંગઠને જણાવ્યું હતું કે કેએનસીએચઆર વિરોધીઓ, તબીબી કર્મચારીઓ, વકીલો, પત્રકારો અને ચર્ચ, તબીબી કટોકટી કેન્દ્રો અને એમ્બ્યુલન્સ જેવા સલામત સ્થળો પર ગેરવાજબી હિંસા અને બળનો ઉપયોગ કરવામાં આવી રહેલી અન્યાયી હિંસા અને બળની નિંદા કરે છે.

વિરોધીઓ નવા ટેક્સનો વિરોધ કરી રહ્યા છે, જેમાં ઈકો-લેવી પણ સામેલ છે. તેનાથી ડાયપર જેવી વસ્તુઓની કિંમતમાં વધારો થશે. જોકે, લોકોના વિરોધ બાદ બ્રેડ પર ટેક્સ લાદવાની દરખાસ્ત પડતી મૂકવામાં આવી હતી. ભારતે પણ કેન્યામાં તેના નાગરિકો માટે એક એડવાઈઝરી જારી કરી છે કારણ કે ટેક્સ વધારા સામેનો વિરોધ હિંસક બન્યો હતો, જેના કારણે આફ્રિકન રાષ્ટ્રમાં નાસભાગ મચી ગઈ હતી.

## દિલ્હી મહિલા આયોગમાં કોઈને ૬ મહિનાથી પગાર નથી મળ્યો', સ્વાતિ માલીવાલે કેજરીવાલને પત્ર લખ્યો



નવીદિલ્હી

દિલ્હી મહિલા આયોગના પૂર્વ અધ્યક્ષ અને રાજ્યસભા સાંસદ સ્વાતિ માલીવાલે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને પત્ર લખીને ગંભીર આરોપ લગાવ્યા છે. માલીવાલે પોતાના પત્રમાં લખ્યું છે કે જ્યારથી તેમણે ઢઝ્રઉનું અધ્યક્ષ પદ છોડ્યું છે ત્યારથી આયોગ સાથે ભેદભાવ કરવામાં આવી રહ્યો છે. કેજરીવાલને લખેલા પત્રમાં માલીવાલે કહ્યું છે કે પંચના કોઈ સભ્યને છેલ્લા ૬ મહિનાથી વેતન આપવામાં આવ્યું નથી અને તેના બજેટમાં પણ ઘટાડો કરવામાં આવ્યો છે. સ્વાતિ માલીવાલે પોતે પોતાના એક્સ હેન્ડલ પરથી આ પત્ર વિશે માહિતી આપી છે.

દિલ્હી મહિલા આયોગના અધ્યક્ષ પદેથી રાજીનામું આપીને રાજ્યસભાની સાંસદ બનેલી સ્વાતિ માલીવાલે પોતાના ટ્વિટ દ્વારા દિલ્હી સરકાર પર ગંભીર આરોપો લગાવ્યા છે. સ્વાતિ માલીવાલે પોતાની પોસ્ટમાં લખ્યું છે કે, 'જ્યારથી મેં દિલ્હી મહિલા આયોગના અધ્યક્ષ પદ પરથી રાજીનામું આપ્યું છે ત્યારથી દિલ્હી સરકારના મંત્રીઓ અને અધિકારીઓએ આયોગ વિરુદ્ધ મોરચો ખોલી દીધો છે. છેલ્લા ૬ મહિનાથી કોઈને પગાર આપવામાં આવ્યો નથી અને બજેટમાં પણ ૨૮.૫ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે. તેમણે પોતાની પોસ્ટમાં વધુમાં લખ્યું છે કે ચેરમેન અને ૨ સભ્યોની જગ્યા ભરવા માટે કોઈ કામગીરી કરવામાં આવી નથી. તેણીએ વધુમાં આક્ષેપ કર્યો હતો કે મારી વિદાય બાદથી મહિલા આયોગને ફરી એક નબળી સંસ્થા બનાવવાના તમામ શક્ય પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

સ્વાતિ માલીવાલે આ મામલે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને પત્ર લખ્યો છે. તેણે પત્રમાં લખ્યું છે કે તે ખૂબ જ અફસોસજનક છે કે સરકાર તે સિસ્ટમ્સને નષ્ટ કરવા માંગે છે જે મેં ૨૦૧૫ થી ખૂબ જ મહેનત કરીને બનાવી છે. આ સિવાય સ્વાતિ માલીવાલે પોતાના પત્રમાં કમિશનના કામોનો પણ ઉલ્લેખ કર્યો છે. કુલ ૪ પેજના પત્રમાં સ્વાતિ માલીવાલે વિવિધ મુદ્દાઓ પર વિસ્તૃત માહિતી આપી છે. નીચે તમે સ્વાતિ માલીવાલની પોસ્ટ અને તેની સાથેનો પત્ર વાંચી શકો છો.

## નીટ પેપર લીક કેસમાં આરોપીઓ સહિત તેમના સંબંધીઓના બેંક ખાતાની તપાસ થશે

પટણા,

પટણા નીટ પેપર લીક કેસમાં સીબીઆઈને આરોપીઓના નેટવર્ક મેપિંગમાંથી ઘણી માહિતી મળી છે. સીબીઆઈએ તપાસનો વ્યાપ વધાર્યો છે. એજન્સી હવે આરોપીઓની નજીકના લોકો પર તેની પકડ વધુ કડક કરશે. આ શ્રેણીમાં સીબીઆઈ હવે આરોપીઓના સંબંધીઓના બેંક ખાતાની તપાસ કરશે. સગાંસંબંધીઓની આવક કેટલી છે અને તે મુજબ તેમણે કેટલો ખર્ચ કર્યો છે તે પણ તપાસવામાં આવશે. તમને જણાવી દઈએ કે સીબીઆઈ દ્વારા રિમાન્ડ પર લેવામાં આવેલા આરોપીઓની રિમાન્ડની મુદત ૪ જુલાઈના રોજ સમાપ્ત થઈ રહી છે.

સીબીઆઈએ તેની તપાસમાં અત્યાર સુધીમાં ઘણી ધરપકડ કરી છે, જેમાંથી તેણે પેપર લીકના માસ્ટરમાઈન્ડ સંજીવ મુખિયા વિશે ઘણી માહિતી એકઠી કરી છે. સીબીઆઈની તપાસમાં ગોધરામાં એક શાળાના ટ્રસ્ટીની પણ અટકાયત કરવામાં આવી છે. મહારાષ્ટ્રના લાતુરનો મામલો પણ સીબીઆઈએ પોતાના હાથમાં લઈ લીધો છે. સીબીઆઈની ટીમે બેઉર જેલમાં બંધ ૧૩ આરોપીઓની પૂછપરછ કરી છે. સીબીઆઈએ હજારીબાગ સ્કૂલના આચાર્ય એહસાનુલ હકની બેંક વિગતોની પણ તપાસ કરી છે. અન્ય બે આરોપીઓની કોલ ડિટેઈલની પણ તપાસ કરવામાં આવી છે. આ ઉપરાંત સીબીઆઈએ એવા વિદ્યાર્થીઓની પણ પૂછપરછ કરી છે જેમણે ગોધરા કેન્દ્રમાંથી દ્વઈઈ્‌ની પરીક્ષા આપી હતી.નીટ કૌભાંડને લઈને પટનામાં સૌથી ઝડપી તપાસ ચાલી રહી છે. શાળાના શિક્ષકથી માંડીને આચાર્ય ચુંગાલમાં ફસાયા છે. હજારીબાગથી પટના સુધી ધરપકડ કરવામાં આવી છે અને બધાએ અત્યાર સુધીમાં બે નામ જાહેર કર્યા છે. સંજીવ મુખિયા અને સિકંદર યાદવેન્દુ. પટનામાં કાર્યવાહી થઈ રહી છે પરંતુ મુખ્ય હજુ પણ ફરાર છે. હવે સીબીઆઈ એહસાન ઉલ હક અને ઈમ્તિયાઝ આલમ પાસેથી દરેક રહસ્ય કાઢવાનો પ્રયાસ કરશે. શંકા એ છે કે બંને સંજીવ મુખિયા ગેંગ સાથે સંકળાયેલા હતા અને પેપર લીક કરવામાં સામેલ હતા. સંજીવ મુખિયાએ ઓએસિસ સ્કૂલને સરળ લક્ષ્ય તરીકે પસંદ કર્યું હતું. મુખિયાનું હજારીબાગ અને નાલંદામાં સારું નેટવર્ક છે. અને તેની મદદથી તેણે પટના સુધી કાગળ મોકલ્યો.

# મહીસાગર જીલ્લામાં દરેક ગ્રામ પંચાયતમાં ગુજરાત પ્રાકૃતિક વિકાસ બોર્ડ તરફથી કલસ્ટર બેજ પ્રાકૃતિક ખેતીની તાલીમો યોજાઇ રહી છે

મહીસાગર,

વધુ પડતા રાસાયણીક ખાતરો અને જંતુનાશક દવાના ઉપયોગને કારણે ગુજરાત સહીત સમગ્ર વિશ્વમાં પ્રકૃતિ, પર્યાવરણ અને માનવ સ્વાસ્થ્ય ઉપર ગંભીર અસરો જોવા મળી છે. તે માટે પ્રાકૃતિક ખેતી આજના સમયની માંગ છે. આ ખેતીમાં ખેડૂતો માત્ર એક દેશી ગાયના ગોબર અને ગૌમૂત્રથી ૩૦ એકર સુધીની જમીનમાં ખેતી કરી શકે છે. તે માટે મહીસાગર જીલ્લામાં દરેક ગ્રામ પંચાયતમાં પ્રાકૃતિક ખેતીની તાલીમ મળી રહે તે માટે સરકાર દ્વારા આત્મા પ્રોજેક્ટ અંતર્ગત ગુજરાત પ્રાકૃતિક વિકાસ બોર્ડ તરફથી કલસ્ટર બેજ પ્રાકૃતિક ખેતીની તાલીમો યોજાઇ રહી છે.



જેમાં મહીસાગરમાં ૭૧ કલસ્ટર બનાવવામાં આવ્યા છે. દરેક કલસ્ટરમાં પાંચ ગ્રામ પંચાયતનો સમાવેશ થાય છે અને દરેક કલસ્ટરમાં એક ફાર્મર માસ્ટર ટ્રેનર પસંદ કરવામાં આવે છે. જે પ્રગતિશીલ ખેડૂત અથવા જાતે પ્રાકૃતિક ખેતી કરતો હોય તેમાંથી એમને સરકાર દ્વારા નિમણૂક કરવામાં આવે છે અને ટીએમટી એટલે ટેકનિકલ માસ્ટર ટ્રેનર જે આત્મામાં બર્ગિ અથવા એટીએમ તરીકે ફરજ બજાવતા હોય તેમ જ ખેતીવાડી વિભાગમાં ગ્રામસેવક અને વિતરણ અધિકારીની ફરજ બજાવતા હોય તેઓને નિમણૂંક કરવામાં આવે છે. જેઓ આ દરેક પંચાતમાં ખેડૂતોને ભેગા કરીને પ્રાકૃતિક ખેતી અંગે તાલીમ આપે છે.

આ તાલીમમાં ખેડૂતોને પ્રારંભિક બીજામૃત, જીવામૃત જેવા મૃત અને મિશ્ર પાક પદ્ધતિથી ખેતી કરવા માટે શીખવાડવામાં આવે છે. આ ખેતી પદ્ધતિમાં તાલીમ આપનાર એ પ્રાકૃતિક ખેતીના તમામ આયામોની માહિતી માર્ગદર્શન અને નિદર્શન પણ આપે છે. રાજયમાં વધારે પ્રાકૃતિક ખેતી કરવા માટે આ પ્રકારની પ્રાકૃતિક ખેતીની તાલીમમાં ખાસ અનિવાર્ય છે. જેને ઝુંબેશ સમગ્ર રાજયમાં પણ ચાલી રહી છે. અત્યાર સુધી મહીસાગર જીલ્લામાં ૪૩૮ જેટલી તાલીમો કરવામાં આવી હતી અને ૧૧,૦૦૦ ઉપરાંત ખેડૂતોએ આ તાલીમનો લાભ લીધો છે તેમ જ મોટાભાગના ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરીને પોતાની જમીન તેમજ આરોગ્ય બચાવવા માંગે છે. સમગ્ર ટીમનો મોનિટરિંગ વર્ગ એક અને વર્ગ-૨ ના અધિકારી દ્વારા કરવામાં આવી રહ્યું છે.

# મહીસાગર જીલ્લા સ્વાગત કાર્યક્રમ તા.૨૫ જુલાઈ ગુરૂવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે યોજાશે

મહિસાગર,

મહિસાગર જીલ્લાના પ્રજાજનોના પડતર પ્રશ્નોના નિકાલ માટે મુખ્યમંત્રી દ્વારા સ્વાગત ઓનલાઇન કાર્યક્રમ અમલમાં મુકવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં વ્યક્તિગત પ્રશ્ન કે જેમાં કોર્ટ મેટર, નિતિ વિષયક તથા સેવા વિષયક સિવાયના કાર્યોનો નિકાલ સંબંધિત કચેરીમાં ન થયો હોય તેવા કાર્યોના નિકાલની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

જીલ્લાના તમામ તાલુકા માટે જુલાઈ-૨૦૨૪નો તાલુકા સ્વાગત કાર્યક્રમ તા.૨૪/૦૭/૨૦૨૪ બુધવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે તથા જીલ્લા સ્વાગત કાર્યક્રમ તા.૨૫/૦૭/૨૦૨૪ ને ગુરૂવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે યોજવાનો હોય માહે જુલાઈ-૨૦૨૪માં જીલ્લા અને તાલુકાઓમાં વર્ગ -૧ કક્ષાના અધિકારીઓ સ્વાગત કાર્યક્રમમાં હાજર રહી લોકોના પ્રશ્નો રૂબરૂ સાંભળી નિરાકરણ લાવશે,

ગ્રામજનોએ પોતાના પડતર પ્રશ્નો/ રજુઆત અંગેની અરજી ‘‘મારી અરજી તાલુકા અથવા જીલ્લા સ્વાગતમાં લેવી’’ તેવા મથાળા હેઠળ સંબંધિત ગામનાં તલાટી/ મંત્રીને સંબોધીને ૧ થી ૧૦ તારીખ સુધીમાં આપવાની રહેશે. તા.૧૦/૦૭/૨૦૨૪ સુધીમાં મળેલ અરજીને તાલુકા તથા જીલ્લા સ્વાગત કાર્યક્રમાં સમાવવામાં આવશે.

જીલ્લા અને તાલુકા સ્વાગત કાર્યક્રમમાં ભાગ લેવા માટે અરજદારએ પોતાના વ્યક્તિગત/અંગત પ્રશ્ન ટાઇપ કરેલી અરજી ફોન નંબર તથા સંપૂર્ણ સરનામાં સાથેની એક અરજીમાં એક જ પ્રશ્ન સંબંધિત અમલીકરણ અધિકારીની કચેરીને કરેલી અરજીની નકલ સાથે સંબંધિત કચેરીને મોકલી આપવાની રહેશે.તેમ નિવાસી અધિક કલેકટર મહિસાગર- લુણાવાડાની અખબારી યાદીમા જણાવેલ છે.

# સંતરાપુર હાટ બજારમાં કુકડા વેચતા વેપારી પાસે એપીએમસી કુકડા પાછળ ૫ રૂપીયા ટેકસ વસુલ્યો


સંતરામપુર,

સંતરામપુર તાલુકાના આજુ બાજુના ગામડાના કુકડા પશુઓનું ઉછેર કરીને સંતરામપુર હાટ બજારમાં તેનું વેચાણ કરવા માટે આવતા હોય છે. સુખસર,ઝાલોદ, ફતેપુરા, હીરાપુર તમામ જગ્યાએથી ગામડાના લોકોનું વેચાણ માટે આવતા હોય છે. એપીએમસીના નિયમ મુજબ એક વ્યક્તિ દીઠ પાંચ રૂપિયા લેવાના હોય છે, પરંતુ નંગ મુજબ તેની સંખ્યા મુજબ ખોટી રીતે એક કોટડા પર પાંચ રૂપિયા ટેકસ લગાવવામાં આવી રહ્યો છે અને વસૂલાત કરવામાં આવી રહ્યું છે. ખરેખર તો ખેતીવાડી ઉત્પન્ન બજાર



સમિતિ એપીએમસીનું માર્કેટ ઘણા વર્ષોથી ખંડેર જોવા મળી આવેલું છે અને બંધ હાલતમાં છે. ખરેખર તો તેમને એક્સ વસૂલાત કરવાનો અધિકાર જ નથી. અત્યારે મંગળવારના હાટ બજારમાં ગોધરા બસ સ્ટેન્ડ, વિસ્તારમાં નગરપાલિકા વિસ્તારની અંદર રોડ ઉપર જ કુકડાઓ અને પશુઓનું વેચાણ કરતા હોય છે, તેમ છતાં તેમની પાસેથી ટેક્સ વસૂલ કરવામાં આવતો હોય છે. પશુઓ લઈને આવતા વેપારીઓને આજદિન સુધી એપીએમસીના તરફથી કોઈપણ પ્રકારની સુવિધા પૂરી પાડવામાં આવેલ નથી કે તેમને લાભ આપવામાં આવેલ નથી. તેમ છતાંય તેમની પાસે ટેક્સ વસૂલ કરવામાં આવી રહ્યો છે. વ્યાપારીઓ પાસેથી પૂછતા માહિતી મળી કે અમારે સુખસર, ઝાલોદ દરેક વિસ્તારોમાં વેચાણ કરવા બેસીએ ત્યારે પાંચ રૂપિયા ફકત ફી વસુલાત કરવામાં આવી રહી છે. અહીંયા તો અમે સંતરામપુરમાં જેટલી પણ કૂકડાની સંખ્યા લાવીએ એટલે ગણતરી મારીને અમને પાવતી આપી દે છે અને અમારી પાસેથી ખોટી રીતે ટેક્સ વસુલાત કરે છે. ઘણીવાર અમારી પાસે માંડ ભાડું ખર્ચીને આવતા હોય છે. અમારી પૈસા ના હોય તેમ છતાંય બળજબરીથી પાવતી આપીને રકમની વસુલાત કરતા હોય છે. અમારી પાસે ખોટો ટેક્સ વસુલાત કરાય છે.

# બાલાસિનોર રથયાત્રા પૂર્વે પોલીસ દ્વારા ફૂટ પેટ્રોલિંગ કરાયું



બાલાસીનોર,

બાલાસિનોર નગરમાં આગામી દિવસોમાં નીકળનાર રથયાત્રાને લઈને બાલાસિનોર પોલીસે નગરમાં વિવિધ વિસ્તારમાં ફૂટ પેટ્રોલિંગ કર્યું હતું. નગરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસે નગરના વિવિધવિસ્તારમાં ફૂટ પેટ્રોલિંગ કર્યું હતું. જેમાં પીઆઈ એ.એન.નિનામા, પોલીસ અધિક્ષક કમલેશ વસાવા નાઓના અધક્ષ સ્થાને રથયાત્રા આયોજકો સાથે રૂટ નિરીક્ષણ કરવામાં આવ્યું. સહિત મોટી સંખ્યામાં પોલીસ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

# બાલાસીનોરના જોરાપુરામાં નવા કાયદા વિશે માર્ગદર્શન અપાયું




બાલાસીનોર,

આજરોજ અત્રેના બાલાસિનોર તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ સરસ્વતી હાઈસ્કુલ જોરાપુરા ખાતે નવા અમલમાં આવેલ કાયદા વિશે સરકારી વકીલ કે.એમ.રાણા, બાલાસિનોર તાલુકા પોલીસ સ્ટેશન ઈન્સ્પેક્ટર એ.બી.દેવધા નાઓ દ્વારા નવા અમલમાં આવેલ કાયદા વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી. સદર કાર્યક્રમમાં જોરાપુરા સરપંચ, ગામના આગેવાનો, ઉપરાંત સામાજીક આગેવાનો તથા હાઈસ્કૂલના શિક્ષકગણ તથા વિદ્યાર્થીઓ હાજર રહેલ હતા.

# મહીસાગર જીલ્લાના લુણાવાડા તાલુકામાં આવેલ જર્જરીત ‘જુના હાડોડ બ્રીજ’ ઉપર અવરજવર માટે બીજો હુકમ ન થાય ત્યાં સુધી મનાઈ ફરમાવવામાં આવે છે

મહીસાગર,

મહીસાગર જીલ્લામાં લુણાવાડા હાડોડ વરધરી રોડ ઉપર જુનો હયાત ડુબાઉ હાડોડ બ્રીજ આવેલ છે. જે હાલમાં જર્જરીત સ્થિતિમાં છે. આ બ્રીજની અપસ્ટ્રીમ બાજુએ રાજ્ય માર્ગ યોજના વિભાગ, વડોદરા દ્વારા નવીન હાઈલેવલ મેજર બ્રીજનું બાંધકામ કરવામાં આવેલ હોય આ હાઈલેવલ બ્રીજ વાહન વ્યવહાર માટે કાર્યરત છે. જેથી જુના ડુબાઉ પુલ ઉપર કોઈ અનિચ્છનીય બનાવ કે જાનહાની ન સર્જાય તે માટે બ્રીજ બંધ કરેલ છે.

ઉપરોક્ત બાબત ધ્યાને લઈ ડુબાઉ પુલ ઉપર કોઈ અનિચ્છનીય બનાવ કે જાનહાની ન સર્જાય તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જાહેરહીતમાં જીલ્લા મેજીસ્ટ્રેટ નેહા કુમારી દ્વારા મહીસાગર જીલ્લાના લુણાવાડા તાલુકામાં આવેલ જર્જરીત ‘જુના હાડોડ બ્રીજ’ ઉપર અવરજવર માટે બીજો હુકમ ન થાય ત્યાં સુધી મનાઈ ફરમાવવામાં આવે છે.

આ જાહેરનામાંનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઇ પણ વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ -૧૩૧ તથા કલમ-૧૩૫ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ ૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે. આ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી અત્રેથી બીજો હુકમ ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

# આપની આજ.......

મેષ: આજે કોઈ અચાનક સારા સમાચાર આવશે. કાર્ય-વ્યવસાયના ક્ષેત્રમાં તણાવથી દૂર રહો. બદલાતા વાતાવરણમાં નવી યોજના સફળ થશે. જૂના ઝઘડા અને પરેશાનીઓથી છૂટકારો મેળવો. અધિકારીઓ સાથે સુમેળ વધશે.

વૃષભ: ઉચ્ચ અધિકારીઓની નિકટતાથી લાભ મેળવવાની તક દિવસભર રહેશે. આયાત-નિકાસનો વ્યવસાય શરૂ કરવાનો નિર્ણય આજે લઈ શકાય છે. આધ્યાત્મિકતા અને ધર્મમાં રુચિ વધશે.

મિથુન: આજે ખૂબ સંઘર્ષ કર્યા પછી તમને પરેશાનીઓમાંથી થોડી રાહત મળશે. ધીરે ધીરે હવે નસીબ પણ તમને ટેકો આપશે. તમને જણાવી દઈએ કે આજે તમને વધતી આર્થિક મુશ્કેલીઓમાંથી પણ રાહત મળશે.

કર્ક: આજે તમે વધુ ભાવનાત્મક થઈ શકો છો. પરિવારમાં તમે ભાઈ-બહેનો વિશે વિચારશો, તમે તેઓને જરૂરી સહયોગ પણ આપશો. તમે કોઈ બાબતમાં ચિંતિત રહી શકો છો. ઉતાવળમાં મોટા નિર્ણયો ના લેશો. જો તમે મુસાફરી કરવાની યોજના ઘડી રહ્યા છો તો પછી પરિવારમાં સહમતિ સાધો.

સિંહ: આજે તમારા પરિવારમાં કોઈ શુભ કાર્યના આયોજનની ચર્ચા થશે. તમારા જીવનધોરણને સુધારવા માટે તમારે ફક્ત તે વસ્તુઓ ખરીદવી જોઈએ જે કાયમી ઉપયોગની હોય. સાંજના સમયે કોઈ વિશેષ મહેમાન આવી શકે છે.

કન્યા: આજે સામાજિક અને ધાર્મિક કાર્યોમાં તમારી ભાગીદારીના કારણે માન-સન્માન વધશે. આજે ખરીદી અને વેચાણના ધંધામાં લાભ થશે. દિવસભર સારા સમાચાર પણ પ્રાપ્ત થશે. મિત્રોમાં રમૂજ વધશે.

તુલા: આજે તમારો સમય ઝડપથી આગળ વધવાનો છે. તમારી અનપેક્ષિત પ્રગતિ જોઈને દરેક લોકો આશ્ચર્યચકિત થશે. તમે પોતાની આ સિદ્ધિઓ જોઈ શકો છે. પ્રગતિની આ ગતિ જાળવવી એ તમારું મુખ્ય કાર્ય હોવું જોઈએ, નહીં તો ભવિષ્યમાં પ્રતિષ્ઠાને ફટકો પડશે. તમારા કામ પર ધ્યાન કેન્દ્રિત કરો.

વૃશ્ચિક: તમારે આજે એક વિશેષ પ્રકારની ભાગદોડ કરવી પડશે. તેના પરિણામો પણ ફાયદાકારક રહેશે. આ ક્ષણે તમે તમારા કાર્યને ઉત્સાહથી પૂર્ણ કરો. થોડા સમય પછી તમને વધુ સારી ડીલ મળશે.

ધન: આજે પ્રગતિના ક્ષેત્રમાં ઘણા રસ્તાઓ ખુલશે. અભ્યાસ અને અધ્યાત્મમાં રસ વધારવો સ્વાભાવિક છે. ગુપ્ત શત્રુઓ અને ઈર્ષ્યાવાળા સાથીઓથી સાવચેત રહો. આજે કોઈને પૈસા ઉધાર ના આપો, તમને તે પાછું મળશે નહીં.

મકર: આજે તમે કારણ વગર ચિંતામાં અને પરેશાન રહેશો. આજે કેટલીક સમસ્યાઓ વાસ્તવિક છે, તેમાંથી કેટલીક તમે તમારા સ્વભાવથી ઊભી કરી હોઈ શકે છે. સામાજિક અને વ્યાવસાયિક ક્ષેત્રમાં વિરોધીઓની ભીડ તમારી સામે ઊભી રહી શકે છે.

કુંભ:આજે તમને કોઈ નવા સંપર્કથી લાભ મળશે. ભૂતકાળના સંદર્ભમાં સંશોધનથી પણ ફાયદો થઈ શકે છે. અટકેલા પૈસા મુશ્કેલીથી મળવા પામશે, રોજિંદા કામમાં નિરાશ ના થાઓ. વ્યાવસાયિક વિકાસથી આત્મવિશ્વાસ વધશે.

મીન: આજે તમે વ્યવસાય વિશે ખાસ ચિંતા કરશો, કારણકે છેલ્લા ઘણા દિવસોથી ધંધાનો નિયમિત નથી. અસ્થિરતા તમને છોડતી નથી. જો તમે નોકરી-ધંધા વગેરે ક્ષેત્રે સંપૂર્ણ સુધારણા ઈચ્છતા હોવ તો તમારે આળસ અને આરામનો ત્યાગ કરવો પડશે. આજે તમારે તમારા કામમાં વધુ ધ્યાન આપવાની જરૂર છે.

# સંતરામપુર તાલુકાના ભંડારા ગામના સીઆરપીએફ પેરામિલેટ્રીના બારીયા શંકરભાઈ નિવૃત્ત જવાન સન્માન સમારંભ

સંતરામપુર,

બારીયા શંકરભાઈ CRPFમાં એટલે કે પેરામિલેટ્રીના જવાન જેમણે ૪૫ વર્ષ દેશ સેવામાં ખુબ મોટું યોગદાન પછી નિવૃત્ત થઈ માદરે વતન આવેલ તેમના સત્કાર સમારંભમાં પટેલ દિપેશ ગુજરાત પ્રદેશ પ્રમુખ ગુજરાત, પેરામિલેટ્રી સંગઠન તુલસીભાઈ મહામંત્રી અને વસંતભાઈ જોઈન્ટ સેક્રેટરી ગુજરાત પ્રદેશ, પટેલ નર્મદાબેન મહિલા પ્રમુખ ગુજરાત પ્રદેશ, વીરાભાઈ ઝોન પ્રમુખ ગુજરાત પ્રદેશ, રમણભાઈ મહીસાગર જીલ્લા પ્રમુખ, પર્વતભાઈ મહિસાગર જીલ્લા પ્રભારી, પાર્થિંગભાઈ સંતરામપુર તાલુકા પ્રમુખ



દલપતભાઈ, પ્રભારી સંતરામપુર તાલુકા ફતીબેન મહિલા પ્રમુખ મહીસાગર જીલ્લા અને અન્ય પેરામિલેટ્રી / મિલેટ્રીના જવાનો તેમજ સગા સંબંધી આડોશી પાડોશી અને આજુ બાજુ વિસ્તાર ના નાગરિકો મોટા નાના પુરૂષો મહિલાઓ ખૂબ મોટી સંખ્યામાં જવાનને આવકારવા,આશીર્વાદ આપવા અભીનંદન પાઠવવા હાજર રહ્યા હતા.

પટેલ દિપેશ ગુજરાત પ્રદેશ પ્રમુખ ગુજરાત પેરામિલેટ્રી સંગઠન દ્વારા નિવૃત જવાનનું નિવૃત્ત જીવન સુખદાઈ નીવડે તેમજ આનંદ મંગલમય પસાર થાય તેવી તમાંમ સંગઠન તરફથી અભિનંદન પાઠવ્યા અને સમગ્ર નાગરિકો જે જવાનને હર્ષો ઉલ્લાસ થી આવકારવા જે કિંમતી સમય નીકળી પધારેલ તે બદલ તેમનો આભાર વ્યકત કર્યો અને નમન વંદન અને સૈનિક તરીકે સર્વેને સલામ કર્યા અને ખૂબ જ જીણવટ પૂર્ણ પેરામિલેટ્રી વિશે માહિતી આપી અને અન્યાય થઈ રહ્યો છે. તેને ન્યાય અપાવવા સર્વેને આ દેશ હિતના અભિયાનમાં જોડાવવા હાંકલ કરી અને હાજર નાગરિકો એ પણ જવાનો ના અભિયાન મા જોડાવવા હુંકાર ભરી.

# અમૂલ ડેરી ખાત્રજ ખાતે જીલ્લા કક્ષાની ગેસ લિકેજ પર ઓફસાઈટ ઈમરજન્સી મોકડ્રીલ યોજાઈ

નડિયાદ,

ખેડા જીલ્લાના મહેમદાવાદ તાલુકામાં આવેલ અમૂલ ડિસ્ટ્રિક્ટ કોપરેટીવ મિલ્ક પ્રોડ્યુસર યુનિયન એલટીડી. સેટેલાઈટ અમૂલ ડેરી, ખાત્રજ ખાતે જીલ્લા કક્ષાની ગેસ લીકેજ પર ઓફસાઈટ ઈમરજન્સી મોકડ્રીલ યોજાઈ. જેમાં, અમૂલના કર્મચારીઓ દ્વારા એમોનિયા લીકેજ અટકાવ અંગે પરીક્ષણ કરી સફળતાપુર્વક મોકડ્રીલ પુર્ણ કરવામાં આવી હતી.

મોકડ્રીલ બાદ યોજાયેલ બેઠકમાં ઉપસ્થિત અધિકારી અને કંપની મેનેજરઓમાંથી નિયુકત ઓબ્ઝર્વરઓ દ્વારા ગેસ લીકેજ વખતે ધ્યાનમાં રાખવાના સેફ્ટી મેઝર્સ જેમ કે માસ્ક, ગ્લવ્ઝ, કેમિકલ સુટ, સકબિંગ સિસ્ટમ અને હોનારત વખતે સંબધિત વિભાગના સંપર્ક વગેરે માટે માર્ગદર્શક સુઝાવો પણ આપવામાં આવ્યા હતા.

આ બેઠકમાં ડિઝાસ્ટર મામલતદાર, ડિઝાસ્ટર મેનેજમેન્ટ ડિસ્ટ્રિક્ટ પ્રોજેક્ટ ઓફિસર, ડેપ્યુટી ડાયરેક્ટર ઈન્ડસ્ટ્રીયલ એન્ડ સેફ્ટી અધિકારી, મામલતદાર મહેમદાવાદ, ટીડીઓ મહેમદાવાદ, જીપીસીબી રીજનલ ઓફિસર, જુદી જુદી કંપનીમાંથી આવેલ ઓબ્ઝર્વર, તેમજ કંપનીના મેનેજર તથા કંપનીનો સ્ટાફ હાજર રહ્યો હતો.

# ખેતીવાડી ખાતાની યોજનાનો લાભ લેવા આઈ ખેડૂત પોર્ટલ પર ૦૩ જુલાઈ થી અરજીઓ કરી શકાશે

નડિયાદ,

ખેડા જીલ્લાના તમામ ખેડૂતોને જણાવવાનું કે ખેતીવાડી ખાતાની યોજના કૃષિ ક્ષેત્રમાં અદ્યતન ટેકનોલોજી (કૃષિ વિમાન)નો ઉપયોગ યોજના હેઠળ આઈ ખેડૂત પોર્ટલ તારીખ- ૦૩-૦૭-૨૦૨૪ નારોજ ખુલનાર છે. જે ખેડૂતોને અરજી કરવી હોય તેઓ ઓનલાઈન અરજી ગ્રામપંચાયતમાં V.C.E મારફતે અથવા જનસુવિધા કેન્દ્ર (CSC) ખાતે આઈ ખેડૂત પોર્ટલ મારફતે કરાવી શકાશે. જીલ્લામાં વધુમાં વધુ ખેડૂતો આ યોજનાનો બહોળા પ્રમાણમાં લાભ લેવા જણાવાયું છે.

કૃષિ ક્ષેત્રમાં અદ્યતન ટેકનોલોજી (કૃષિ વિમાન) નો ઉપયોગ યોજનામાં અરજી કરવા માટે ૮-અ ની નકલ,આધાર કાર્ડની ઝેરોક્ષ,બેંક પાસબુકની નકલ,જાતિનો દાખલો (જો લાગુ પડતો હોય તો), વિકલાંગનું પ્રમાણપત્ર (જો લાગુ પડતો હોય તો) જેવા જરૂરી ડોકયુમેન્ટ લાવવા. વધુ માહિતી માટે ગ્રામસેવકનો સંપર્ક કરવા જીલ્લા ખેતીવાડી અધિકારી, ખેડા જીલ્લા પંચાયત, નડિયાદ દ્વારા જણાવવામા આવ્યુ છે.

## ટેન્ડર જાહેરાત

આથી સબંધકર્તા વેપારીયો/સહકારી સંસ્થાઓ મંડળીઓ વગેરે તમામને જણાવવાનું કે સરસ્વતી કેળવણી મંડળ,નવાગામ સંચાલિત શિવ ઔધોગિક તાલીમ કેન્દ્ર ગદુકપુર મુ. ગદુકપુર, તા.ગોધરા,જી..પંચમહાલમાં ચાલતા ટ્રેડ (૧)વાયરમેન, (૨)ઇલેક્ટ્રિશીયન, (૩) ફીટર, (૪)સુઈંગ ટેકનોલોજી અને (૫) કોમ્પ્યુટર ઓપરેટર કમ પોગ્રામીંગ આસિસ્ટન્ટ (કો.પા.) માટે ની જરૂરી રો-મટેરિયલ કાચા માલ સામાનની ખરીદી માટે અલગ અલગ ટેન્ડર ફોર્મ માટે ભાવ પત્રકો સીલબંધ કવરમાં રજીસ્ટર પોસ્ટ એ.ડી.થી મંગાવવામાં આવે છે. ટેન્ડર ફોર્મ તથા તે અંગેની શરતો તેમજ પરત સ્વીકારવાની તારીખ વિગેરેની માહિતી સંસ્થાના કાર્યાલયમાંથી કચેરી સમય દરમ્યાન ટેન્ડર ફોર્મ દીઠ રૂપિયા. ૧૫૦૦/-(અંકે રૂપિયા એક હજાર પાંચસો પુરા) ચૂકવી જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખથી દિન-૨૧ માં મેળવી તેમજ પરત કરવાના રહેશે. ટેન્ડર કોઈપણ કારણ દર્શાવ્યા વગર રદ બાતલ કરવાનો હકક સંસ્થાના વડાનો રહેશે.

આચાર્ય
શિવ ઔધોગિક તાલીમ કેન્દ્ર ગદુકપુર મુ.ગદુકપુર,
તા.ગોધરા,જી.પંચમહાલ
તા.૦૩/૦૭/૨૦૨૪

## ટેન્ડર જાહેરાત

આથી સંબધકર્તા વેપારીઓ / સહકારી સંસ્થાઓ મંડળીઓ વિગેરે તમામને જણાવવાનુ કે ગુજરાત બાલ વિકાસ મંડળ,મોરા સંચાલિત શ્રી ઝંડ હનુમાન ઔધોગિક તાલીમ કેન્દ્ર જાંબુઘોડા,તા જાંબુઘોડા,જી.પંચમહાલમાં ચાલતા ટ્રેડો (૧)કો.પા,(૨) વાયરમેન (૩) મેન્સ એન્ડ વુમન ગારમેન્ટ મેકિંગ (સીવણ) માટેની જરૂરી રો-મટીરીયલ કાચા માલસામાનની ખરીદી માટે અલગ અલગ ટેન્ડર ફોર્મ માટે ભાવપત્રકો સીલબંધ કવરમાં રજીસ્ટર પોસ્ટ એ.ડી થી મંગાવવામાં આવે છે. ટેન્ડર ફોર્મ તથા તે અંગેની શરતો તેમજ પરત સ્વીકારવાની તારીખ વિગેરેની માહિતી સંસ્થાના કાર્યાલયમાંથી કચેરી સમય દરમ્યાન ટેન્ડર ફોર્મ દીઠ રૂ. ૧૫૦૦/- (અંકે રૂપિયા એક હજાર પાંચ સો પુરા) ચૂકવી જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખથી દિન-૨૧ માં મેળવી તેમજ પરત કરવાના રહેશે. ટેન્ડર કોઈપણ કારણ દર્શાવ્યા વગર રદબાતલ કરવાનો હકક સંસ્થાના વડાનો રહેશે.

આચાર્ય
શ્રી ઝંડ હનુમાન ઔધોગિક તાલીમ કેન્દ્ર જાંબુઘોડા,
તા. જાંબુઘોડા,જી.પંચમહાલ
તા.૦૩/૦૭/૨૦૨૪

## ટેન્ડર જાહેરાત

આથી સંબધકર્તા વેપારીઓ / સહકારી સંસ્થાઓ મંડળીઓ વિગેરે તમામને જણાવવાનુ કે ઉમિયા એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત આર.એચ.પટેલ ઔધોગિક તાલીમ કેન્દ્ર મોરા, તા. મોરવા(હ), જી. પંચમહાલમાં ચાલતા ટ્રેડો (૧) કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામિંગ આસીસ્ટન્ટ(કો.પા) (૨) વાયરમેન (૩) સીવણ(સુઈંગ ટેકનોલોજી) (૪) ઇલેક્ટ્રિશીયન અને (૫) ફીટર માટેની જરૂરી રો-મટીરીયલ કાચા માલસામાનની ખરીદી માટે અલગ અલગ ટેન્ડર ફોર્મ માટે ભાવપત્રકો સીલબંધ કવરમાં રજીસ્ટર પોસ્ટ એ.ડી થી મંગાવવામાં આવે છે. ટેન્ડર ફોર્મ તથા તે અંગેની શરતો તેમજ પરત સ્વીકારવાની તારીખ વિગેરેની માહિતી સંસ્થાના કાર્યાલયમાંથી કચેરી સમય દરમ્યાન ટેન્ડર ફોર્મ દીઠ રૂ. ૧૫૦૦/- (અંકે રૂપિયા એક હજાર પાંચ સો પુરા) ચૂકવી જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખથી દિન-૨૧ માં મેળવી તેમજ પરત કરવાના રહેશે. ટેન્ડર કોઈપણ કારણ દર્શાવ્યા વગર રદબાતલ કરવાનો હકક સંસ્થાના વડાનો રહેશે.

આચાર્ય
આર.એચ પટેલ ઔધોગિક તાલીમ કેન્દ્ર મોરા,
તા. મોરવા(હ), જી. પંચમહાલ
તા.૦૩/૦૭/૨૦૨૪

# દાહોદ પાલિકા પ્રમુખના વિરોધ માટે પાલિકા સભ્યોમાં જુથને લઈ નગરજનોની પ્રાથમીક સુવિધાથી વંચિત

દાહોદ,

દાહોદ નગર પાલિકા મા પ્રમુખ સામે બાંયો ચાડાવી નગર સેવકો અલગ જુથ બનાવી પાલીકા પ્રમુખ નો વિરોધ કરી રહ્યા છે અને નગર ની જનતા પ્રાથમિક સુવિધા થી વંચિત છે.

જ્યારે બીજી તરફ દાહોદ નગરપાલિકાની સામાન્ય સભા બોલાવવા માટેની કાર્યવાહી કરવા બાબતે દાહોદ નગરપાલિકા કારોબારી ચેરમેન સહિત કાઉન્સીલરો દ્વારા દાહોદ જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી રજુઆત કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. ત્યારે બીજી તરફ દાહોદ નગરપાલિકામાં છેલ્લા કેટલાંય સમયથી પાલિકા પ્રમુખની કામગીરી પર વાંધો ઉઠાવતાં પાલિકાના અંદરો અંદરના વિખવાદને પગલે અંદરખાને અવિશ્વાસની દરખાસ્તોનો દોર પણ ચાલી રહ્યો હોવાનો ગણગણાટ થઈ રહ્યો છે. સમગ્ર મામલે દાહોદ પાલિકા પ્રમુખની કામગીરી કોઈના ગળે ન ઉતરતા દાહોદ શહેરવાસીઓની સાથે સાથે ખુદ પાલિકાના સત્તાધિશોમાં પણ છુપા ગણગણાટ વચ્ચે છુપો આક્રોશ પણ જોવા મળી રહ્યો છે. ત્યારે આવનાર દિવસોમાં પાલિકા પ્રમુખની કામગીરી સામે બળવાના એંધાણો સર્જાશે તેવી ચર્ચાઓએ ભારે જોર પકડ્યું છે.

દાહોદ નગરપાલિકા કારોબારી ચેરમેન સહિત પાલિકાના કાઉન્સીલરો દ્વારા આજરોજ દાહોદ જીલ્લા કલેક્ટરને આપવામાં આવેલ આવેદનપત્રમાં જણાવ્યાં અનુસાર, દાહોદ નગરપાલિકાની છેલ્લા સામાન્ય સભા તા.૦૭.૦૩.૨૦૨૪ના રોજ મળી હતી. નગરની પ્રજાના હિત માટે તથા રાજ્ય સરકારની વિવિધ ગ્રાન્ટોનો ઉપયોગ તથા વહીવટી કામો માટે સામાન્ય સભા અતિઆવશ્યક છે. પરંતુ દાહોદ નગરપાલિકાની સામાન્ય સભા ચાર માસ અગાઉ તા.૦૭.૦૩.૨૦૨૪ના રોજ મળી હતી. સામાન્ય સભા ન બોલાવવાના કારણે સામાન્ય પ્રજાને ભારે હાલાકીનો સામાનો કરવો પડી રહ્યો હોવાના આક્ષેપો આવેદનપત્રમાં જણાવ્યાં હતા. જેમાં ભુગર્ભ ગટરના ૧૦થી ૧૫ ટકા કનેકશન બાકી છે જે તાત્કાલિક કરવા જરૂરી છે. કર્મચારી–સફાઈ કામદારાના પેન્ડીંગ પ્રશ્નોની ચર્ચા અને નિર્ણય કરવા બાબત, હાઉસ ટેક્સ તથા અન્ય વેરાને લગતા પ્રશ્નો અંગે, નગરના વિવિધ વિસ્તારોમાં મંજુર થયેલા રસ્તાઓની કામગીરી કરવા તથા જરૂરીયાત મુજબના નવા રસ્તાના આયોજન અંગે, ચોમાસાની ઋતુમાં નગરની પ્રજાની ચિંતા માટે આરોગ્ય બાબતના કામો, વરસાદી પાણીના નીકાલ તથા સફાઈની બાબતોના કામો અંગે, નગરના તમામ વિસ્તારોમાં પુરા દબાણથી પુરતુ પાણી મળી રહે તેના આયોજન અંગે અને દાહોદની પ્રજાને નગરપાલિકાની ગેરહાજરીના કારણે મુશ્કેલી વેઠવી ન પડે તે બાબતે દાહોદ જીલ્લા કલેક્ટરને રજુઆત કરવામાં આવી હતી. દાહોદ નગરપાલિકાના અંદરો અંદરના વિખવાદને પગલે દાહોદનો વિકાસ ક્યાંકને ક્યાંક રૂંધાઈ રહ્યો હોય તેમ લાગી રહ્યું છે. પ્રજાની સુખાકારી માટે પાલિકા પ્રમુખની કામગીરી પર અનેક સવાલો ઉઠવા પામ્યાં છે. આવનાર દિવસોમાં આ નારાજગી કેવા પ્રકારનું રૂપ ધારણ કરશે તેની પર સૌ કોઈની નજર છે.

## ફતેપુરા તાલુકાના ભીતોડી પ્રાથમિક શાળામાં શાળા પંચાયતની ચૂંટણી યોજાઈ



કલાલ,

ફતેપુરા તાલુકાની નાની ઢઢેલી સી.આર.સી.માં આવેલી ભીતોડી પ્રાથમિક શાળામાં શાળા પંચાયતની ચૂંટણી યોજવામાં આવી હતી. બાળકોમાં અત્યારથી જ નિષ્ઠાવાન, પ્રમાણિક, ઈમાનદાર નેતાગીરીનો ગુણ વિકસે તે હેતુથી શાળા પંચાયતની ચૂંટણીનુ આયોજન કરાયું હતું. જેમાં સમગ્ર ચૂંટણી પ્રક્રિયાને આવરી લેવામાં આવી હતી. જાહેરનામું બહાર પાડવું, ફોર્મ ભરવું,ફોર્મની ચકાસણી કરવી,ફોર્મ પર ખેચવું,સમરસ વર્ગ બનાવો જેવી પ્રક્રિયાઓ બાદ તારીખ ૨/૭/૨૦૨૪ને મંગળવારના રોજ બે થી ચાર કલાક દરમિયાન મતદાન પ્રક્રિયા હાથમાં ધરવામાં આવી હતી. જેમાં પણ તમામ પ્રકારની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. પ્રિસાઈડિંગ ઓફિસર, આસિસ્ટન્ટ પ્રિસાઈડિંગ ઓફિસર,પોલિંગ સ્ટાફ, પોલીસમેન, પટાવાળા, ઝોનલ અધિકારી, ચૂંટણી અધિકારી, મતદાન એજન્ટ જેવા સ્ટાફની નિમણૂંક બાળકો માંથી કરવામાં આવી હતી તથા મતદાર યાદી શાહી, મત કુટીર,ઈ.વી.એમ. મત પેટીની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. ધોરણ ૩ થી ૮ના ૧૪૦ બાળકો માંથી ૧૨૮ એટલે કે ૯૧.૪૨ ટકા મતદાન થયું હતું. ત્યારબાદ મત ગણતરીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં પાંચ ઉમેદવારો માંથી સૌથી વધુ મત વિક્રમભાઈ પારગીને ૫૮, કૌશિકભાઈ કલારાને ૨૮, આશિષભાઈને ૨૩ મતો મળ્યા હતા. વિજેતા ઉમેદવારોને અને શાળાના તમામ બાળકોએ ડી.જે.ના તાલે આનંદ વ્યક્ત કર્યો હતો. ત્યારબાદ બાળ સંસદની રચના કરવામાં આવી હતી. જેમાં જુદી–જુદી સમિતિઓના મંત્રીની વરણી કરવામાં આવી હતી. જેમાં પાણી મંત્રી, પ્રાર્થના મંત્રી, સફાઈ મંત્રી, ભોજન મંત્રી, આરોગ્ય મંત્રી, પ્રવાસ પર્યટન મંત્રી જેવા ખાતાઓની ફાળવણી કરવામાં આવી હતી. આ રીતે શાળામાં શાળા પંચાયતની શાનદાર રીતે ચૂંટણી કરવામાં આવી હતી.

## દાહોદ સ્કુલવાન અને રીક્ષા ચાલકોએ ટેકસી પાર્સીંગ લઈ ધારાસભ્ય અને આર.ટી.ઓ.ને આવેદન આપ્યું

દાહોદ,

દાહોદના સ્કૂલવાન તેમજ રીક્ષા ચાલકો દ્વારા દાહોદના ધારાસભ્યોને તેમજ દાહોદ આરટીઓ કચેરીના અધિકારીને ટેક્સી પાર્સિંગને લઈ આવેદનપત્ર આપી બે થી ત્રણ મહિનાનો સમય આપવા માટે રજૂઆત કરી હતી. તેની સાથે સાથે આજરોજ સ્વૈચ્છિક બંધની જાહેરાત પણ કરવામાં આવી હતી.

દાહોદ શહેરમાં કુલવાન તેમજ રીક્ષાચાલકો દ્વારા દાહોદ એપીએમસી ખાતે એક મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ટેક્સી પાર્સિંગને લઈ તેઓએ દાહોદના ધારાસભ્યની મુલાકાત કરી હતી અને ત્યારબાદ દાહોદ આરટીઓ કચેરીના મુખ્ય અધિકારીને આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી કે, સ્કુલવાન અને સ્કુલ રીક્ષાના ટેક્સી પાર્સિંગ કરવા માટે બેથી ત્રણ મહિનાનો સમય આપવા માટે રજૂઆત કરી હતી. જેની સાથે સાથે આજરોજ એટલે કે તારીખ ૨ જુલાઈના રોજ સ્કૂલવાન અને સ્કુલ રીક્ષાના ચાલકોએ સ્કુલ સેવા સ્વૈચ્છિક રીતે બંધ કરી હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં દાહોદના સ્કુલવાન તેમજ સ્કુલ રીક્ષાના ચાલકો હાજર રહ્યા હતા.

## રેશનકાર્ડ ધારકો ઘરેબેઠા ઓનલાઈનય-KYC કરી શકશે

દાહોદ,

ભારત સરકાર દ્વારા ૧૦૦% e-KYCની કામગીરીને લક્ષમાં રાખીને સદર કામગીરી ઝડપી થાય તે માટે ''રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા–૨૦૧૩'' હેઠળ નોંધાયેલા તમામ લાભાર્થીઓ ઘરબેઠા e-KYC કરી શકે તે માટે ''Face authentication'' આધારીત e-KYC ની સુવિધા માટે ''MY Ration App'' તૈયાર કરવામાં આવેલ છે. જેને Google Play store પરથી ડાઉનલોડ કરી રેશનકાર્ડની જરૂરી વિગતો નાખી OTP જનરેટ કરવાનું હોયછે. જે સભ્યનું e-KYCની કરવાનું હોય તેની પસંદગી કરીને હાવભાવ સાથે ચહેરો કેપ્ચર કરવાથી સ્કીન પર આધારકાર્ડની જરૂરી વિગતો દેખાશે. ત્યારબાદ ''મંજુરી માટેની વિગતો મોકલો'' ઓપ્શન પર કલીક કરવાથી સદર અરજી સબંધિત પુરવઠા કચેરીને પહોંચી જશે. ત્યારબાદ સદર અરજી મંજુર/ નામંજુર કરવાની કામગીરી સબંધિત મામલતદાર કચેરી દ્વારા હાથ ધરવામાં આવશે. ઉપરોકત MY RATION APP દ્વારા કરવામાં આવતી તમામ કામગીરી વિનામુલ્યે થાય છે. જેના માટે કોઈપણ ચાર્જ ચુકવવાનો રહેતો નથી.વધુ માહિતી માટે હેલ્પલાઈન નં.૧૮૦૦–૨૩૩–૫૫૦૦ પર સંપર્ક કરી શકાશે એમજીલ્લા પુરવઠા અધિકારી, દાહોદ દ્વારા જણાવાયુંછે.

## સંજેલી જુના બસ સ્ટેશન પાસે ગટરના પાણી ઉભરાતા નગરજનોને હાલાકી

સંજેલી,

સંજેલી જુના બસ સ્ટેશન પર ગટરની અધુરી કામગીરીને લઈને ગટરના પાણી રોડ પર વહેવા લાગતા સ્થાનિકોને મચ્છરજન્ય રોગ ફાટી નીકળવાની દહેશત સતાવી રહી છે. વહેલી તકે આ ગટરની કામગીરી પુર્ણ કરવા માંગ કરાઈ છે.

સંજેલી ગ્રામ પંચાયતના કથળતા જતાં વહીવટના કારણે લોકોને પ્રાથમિક સુવિધાઓ મળવી મુશ્કેલ બની છે. ગ્રામજનોની ગટર વ્યવસ્થા, નલ સે જલ યોજના, પાણી, સ્ટ્રીટ લાઈટ, સ્વચ્છ અભિયાન સહિતની સુવિધાઓ માટે વારંવાર તાલુકા–જિલ્લા કક્ષાએ અને ગ્રામસભામાં રજુઆત કરાઈ છે. છતાં પણ તંત્ર આંખ આડા કાન કરી અને મનમાની ચલાવી અને પ્રાથમિક સુવિધા અપાતી નથી. કળમી ફળિયા પીપળાવાળા મંદિર પાસેથી સંતરામપુર ચોકડી સુધી ગટર જોડવાની કામગીરી બાકી હોવાથી કળમી ફળિયા ગટરનુ પાણી ગુરૂ ગોવિંદ ચોક પાછળ જુના બસ સ્ટેશનના મુખ્ય માર્ગ પર વહેવા લાગ્યુ છે. બીજી તરફ તાલુકા મુખ્ય પ્રા.શાળાના ગેટ આગળ પણ ગટરના પાણી વહેવા લાગ્યા છે. જે બાબતે ગ્રામ પંચાયતના સરપંચને વારંવાર લેખિત–મૌખિક રજુઆત કરી છે. છતાં પણ જાડી ચામડીના સરપંચ સત્તાની નશામાં કોઈપણ જાતની દરકાર લેતા નથી.શાળાએ જતાં બાળકોના આરોગ્ય સાથે ચેડા થાય છે. પીપળાવાળી ચોકડીથી સંતરામપુર ચોકડી સુધી લગભગ ૭૦ મીટર જેટલી ગટર લાઈન બને તો આ રોડ પર વહેતા પાણી અને પ્રા.શાળા તરફ વહેતા પાણીનો યોગ્ય નિકાલ થાય તેમ છે.

## જેટીએસના કાર્યકરો યુનિટના આધારે બિલ આપવા માંગ કરી


દાહોદ,

આવેદનમાં જણાવાયુ હતું કે, પ્રાઈવેટ એજન્સી મારફતે થઈ રહ્યું છે એવું જાણવું મળ્યું છે અને આ એજન્સી રદકરવા માગ, નહીંતો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરાશે.

એજન્સીના માણસો દર બે મહિને ઘરે ઘરે મીટરમાં યુનિટ ચેક કરીને લાઈટબીલ આપવાના બદલે આશરે પાછલા લાઈટબીલના આધારે લાઈટબીલ આપી રહ્યા છે. જેના કારણે એક સાથે, ૧૦,૦૦૦, ૨૦,૦૦૦ જેટલું લાઈટબીલ ભરવા પાત્ર થતું હોય અને એક સાથે ન ભરી શકતા મીટર કપાય જાય છે. તેથી રેગ્યુલર લાઈટબીલ આપે અથવા આ એજન્સી રદ કરવામાં આવે અને નિયમિત કામ કરતી કોઈ એજન્સીને આપવામાં આવે જો.

આવું થશે નહીં તો આવનાર સમયમાં જનતા ટાઈગર સેના દાહોદ જીલ્લાની જનતાને સાથે રાખી ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરશે તેવી ચીમકી આપવામાં આવી હતી. JTS ગુજરાત પ્રદેશ પ્રમુખ દેવેન્દ્ર મેડા, સામાજીક આગેવાન, જયેશભાઈ સંગાડા, ક્રિષ્ના ચારેલ, પરમેશ્વર પલાસ, વિનોદ માવી, શાહરૂખ શૈખ, સંજયભાઈ હઠીલા, મુકેશભાઈ સંગાડા, બાદલ નિનામા, કૈલાશ પણદા સહિતના વડિલો ઉપસ્થિત રહ્યા હતાં.

## ફતેપુરા તાલુકાના બલૈયા ખાતે આવેલ બરોડા ગુજરાત ગ્રામીણ બેંકના મેનેજર દ્વારા ઉદ્ધવતાઈ ભર્યું વર્તનઃઉચ્ચ સ્તરે રજૂઆત કરાઈ



ફતેપુરા,

કેન્દ્ર તથા રાજય સરકારમાં ફરજ બજાવતા કર્મચારીઓએ સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા નિયમો મુજબ પોતાની ફરજના સ્થળે કામગીરી કરવાની હોય છે. તેમજ જે–તે કામગીરી માટે આવેલા નાગરિકોને ન્યાય મળી રહે તેની અગ્રીમતા રાખવાની હોય છે. પરંતુ કેટલીક સરકારી,અર્ધસરકારી કચેરીઓમાં ફરજ બજાવતા કર્મચારીઓ પોતે ઘડી કાઢેલા નિયમો મુજબ પોતાની ફરજના સ્થળે વર્તન કરતા હોવાનું જોવા સાંભળવા મળે છે. જેમાં ફતેપુરા તાલુકાના બલૈયા ખાતે આવેલ બરોડા ગુજરાત ગ્રામીણ બેંકના મેનેજર પણ બાકાત નથી. તેમાં અભણ બેંક ગ્રાહકો તો ઠીક પરંતુ શિક્ષિત બેંક ગ્રાહકો સાથે પણ ઉદ્ધવતાઈ ભર્યું વર્તન કરવામાં આવતું હોય અને લાંબા સમયથી ઉદ્ધતાઈ ભર્યું વર્તન કરી ગ્રાહકોને હડદૂત કરવામાં આવતા બેન્ક મેનેજર થી વાજ આવેલા બેન્ક ગ્રાહકો દ્વારા ઉચ્ચ સ્તરે રજૂઆત કરવામાં આવી હોવાનું અને ન્યાય નહીં મળે તો ગાંધી ચીંદયો માર્ગ અપનાવવાની ચીમકી ઉચ્ચારવામાં આવી હોવાનું જાણવા મળે છે.

જાણવા મળેલ વિગતો મુજબ ફતેપુરા તાલુકાના બલૈયા ખાતે બરોડા ગુજરાત ગ્રામીણ બેંક આવેલ છે. જેમાં શ્રમિકો, ખેડૂતો, વેપારી તથા નોકરિયાત વર્ગના હજારો લોકો આ બેંકના ગ્રાહકો છે. પરંતુ આ બેંકના ગ્રાહકો સાથે બેંક મેનેજર દ્વારા લાંબા સમયથી ઉદ્ધવતાઈ ભર્યું વર્તન કરી બેન્ક ગ્રાહકોને બેંકથી વિમુખ કરવાની કામગીરી વધુ થતી હોવાની ફરિયાદો લાંબા સમયથી ઉઠી રહી છે. તેવી જ રીતે બલૈયાના મોરપીપળા વર્ગ પ્રાથમિક શાળાનુ એકાઉન્ટ વર્ષ ૨૦૦૩ થી આ બેંકમાં ચાલુ છે. જેમાં આચાર્ય તરીકે તરીકે મયુરભાઈ અંબાલાલ પટેલ આચાર્ય તરીકે ફરજ બજાવી રહ્યા છે. જેઓ બેંક દ્વારા આપવામાં આવેલ પાસબુકમાં બેંક દ્વારા કરવામાં આવેલ પ્રિન્ટિંગ ભૂલ સુધારવા ૨૬ જૂન ૨૦૨૪ નારોજ બેંકમાં ગયા હતા અને બેંક મેનેજરને આ પાસબુકમાં પ્રિન્ટિંગ ભૂલ સુધારી આપવા જણાવતા બેંક મેનેજર આચાર્ય ઉપર એકદમ ઉશ્કેરાઈ જઈ ''આજે તમારા જેવા શિક્ષકોના કારણે દેશની હાલત બદતર થઈ છે''તેવું બેન્ક ગ્રાહકોની હાજરીમાં જાહેરમાં બોલી શિક્ષકના વ્યવસાયને કલંકરૂપ શબ્દોનું ઉચ્ચારણ કરી શિક્ષક સમુદાયને અપમાનિત કરેલ હોવાના આક્ષેપ સાથે રજૂઆત કરવામાં આવી છે.

રજૂઆતમાં જણાવવામાં આવ્યું છે કે, ઉપરોકત બાબતે બેંકના સીસીટીવી ફૂટેજ સવારના ૧૧:૧૫ થી ૧૨:૦૦ વાગ્યા વચ્ચેના તપાસ કરવામાં આવે તો પણ આ હકીકતની સત્યતા બહાર આવી શકે તેમ છે. જોકે, હાલમાં બરોડા ગુજરાત ગ્રામીણ બેંક બલૈયા ખાતે ફરજ બજાવતા મેનેજર દ્વારા બેંકમાં ચાર્જ સંભાળ્યા બાદ અનેક બેંક ગ્રાહકો સાથે ઉદ્ધવતાઈ ભર્યુ વર્તન કરી ગ્રાહકોને અપમાનિત કરવાની સાથે જે તે ગ્રાહકના કામ માટે ગલ્લા તલ્લા કરી સમયસર કામગીરી પણ કરી આપવામાં નહીં આવતી હોય બેંકને નુકસાન પહોંચતું હોવાનું જણાવવામાં આવ્યું છે.તેમજ ઉપરોક્ત બાબતે મેનેજર સામે યોગ્ય કાર્યવાહી કરવામાં નહીં આવે તો મેનેજરની વિરૂદ્ધમાં ગાંધી ચીંદયો માર્ગ અપનાવવાની ચીમકી ઉચ્ચારી હોવાનું જાણવા મળે છે.

ઉપરોકત બાબતે બલૈયાના મોર પીપળા વર્ગ પ્રાથમિક શાળાના આચાર્ય મયુર અંબાલાલ પટેલ દ્વારા બરોડા ગુજરાત ગ્રામીણ બેંકના ગ્રાહકોની સહી સાથે ચેરમેન, બરોડા ગુજરાત ગ્રામીણ બેંક, હેડ ઓફિસ, વડોદરા તથા રિજીયોનલ મેનેજર ગોધરા ખાતે રજૂઆત કરી ન્યાયની માંગ કરી હોવાનું જાણવા મળે છે.

## ડુંગરી પ્રાથમિક શાળાએ પર્યાવરણ અંતર્ગતવન કવચ નિર્માણની મુલાકાત લીધી

ઝાલોદ,

તા.૦૨/૦૭/૨૦૨૪

ઝાલોદ તાલુકાની ડુંગરી પ્રાથમિક શાળા એ ડુંગરી ગામે આવેલ વન કવચ નિર્માણ અંતર્ગત મિયાંવાકી પ્રોજેક્ટની મુલાકાત લીધી. ધોરણ છ થી આઠ ના વિદ્યાર્થીઓએ ૧૨૨ જાતના વૃક્ષોની સમજ મેળવી. માં કે નામ એક–એક વૃક્ષ દરેક વિદ્યાર્થીઓએ રોપી આનંદીત થયા. સાથે સામાજીક વર્ગીકરણ વિભાગના આર.એફ.ઓ. જે.પી. રાઠવા વન રક્ષક કે.એમ.ભેદી, મુકેશ મકવાણાએ વિદ્યાર્થીઓને પર્યાવરણ અંતર્ગત વૃક્ષોનું મહત્વની સમજ આપી. આ મુલાકાતમાં શાળાના સ્ટાફ માંથી ચેતનાબેન ડામોર મયુરભાઈ ચૌહાણ આચાર્ય ભારતીબેન.એસ. પરમાર જોડાયા હતા.

## કાલોલ સોસાયટીમાં અજાણ્યા બુકાનીધારીઓએ કારની ચોરી કરી ફરાર

કાલોલ,

કાલોલમાં મોડીરાત્રે કોઈ અજાણ્યો બુકાનીધારી શખ્સ કાર ચોરી ગયાની સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

કાલોલના લકુલેશનગર સોસાયટીના વિસ્તારમાં ઘુસેલા કોઈ બુકાનીધારી અજાણ્યા શખ્સે સોસાયટીમાં પાર્ક કરેલી એકસયુવી ગાડીનુ લોક તોડી તેની ચોરી કરી ફરાર થઈ ગયો હતો. ગાડીની સેફ્ટી માટે પ્લોટના પાર્કિંગ વિસ્તારમાં સીસીટીવી કેમેરો મુકવામાં આવ્યો હોય સીસીટીવી કેમેરાનુ એકસેસ પતિ–પત્નિ સહિત પરણિત પુત્રીના મોબાઈલમાં પણ હતુ. પરિણિત પુત્રી રાત્રે અમદાવાદમાં હતી ત્યારે મોબાઈલમાં સર્ફિંગ કરવા દરમિયાન સહજ રીતે રાત્રિના પોણા ત્રણ વાગ્યાના સુમારે કાલોલના ઘરના સીસીટીવી ફુટેજ જોતા એ સમયે તેમની ગાડી પાસે એક સંદિગ્ધ ઈસમ ગાડીમાં બેઠેલો જોવા મળ્યો હતો. તેથી તાત્કાલિક તેની માતાને ફોન કરીને બનાવની જાણ કરતા પતિ–પત્નિએ બહાર નીકળીને જોયુ તો અજાણ્યા બુકાનીધારી ચોર ઈસમ ગાડી ચાલુ કરીને તેમની નજર સામે જ ગાડી લઈને ભાગી ગયો હતો. જેથી બુમાબુમ કરતા આજુબાજુના માણસો ભેગા થઈ ગયા હતા. અને કાલોલ પોલીસ સ્ટેશન જાણ કરતા પોલીસે હાઈવે પર નાકાબંધી કરવાના પ્રયાસો કર્યા હતા. પરંતુ થોડી જ મિનીટોમાં ગાડી ખડકી ટોલનાકુ ક્રોસ કરીને નીકળી ગઈ હોવાનુ જાણવા મળ્યુ હતુ. આમ કાલોલમાં અડધી રાત્રે એકસયુવી ગાડીની વિવિધ સેન્સર સિસ્ટમો બંધ કરી ચોરી જવાની ઘટનાને અંગે નગરજનોમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

## તા.૭ થી તા.૧૬ જુલાઈ સુધી મહોરમના પવિત્ર દિવસો હોવાથી વ્હોરા વિસ્તારોમાં પોલીસ બંદોબસ્ત તથા પેટ્રોલિંગની દાહોદના વોર્ડ-૧ના કાઉન્સિલર દ્વારા માંગ કરાઈ

દાહોદ,

દાહોદ નગરપાલિકા વોર્ડ નંબર–૧ના કાઉન્સિલર દ્વારા દાહોદ જીલ્લા પોલીસ અધિક્ષકને રજુઆત કરી. જેમાં જણાવવામાં આવ્યું કે, દાઉદી વ્હોરા સમાજના પવિત્ર મહોરમના દિવસો તા. ૭.૭.૨૦૨૪ થી તા.૧૬.૭.૨૦૨૪ નારોજ સુધી મસ્જિદોમાં, હોલમાં સવારમાં તથા રાતિના સમયમાં કથા તથા ખુદાની ઈબાદત કરતા હોય છે, તે દરમ્યાન વ્હોરા સમાજના લોકો બધા મસ્જિદોમાં હોવાથી ચોરી કે લુંટફાટ જેવી ઘટનાઓ ના બને તેના અનુસંધાને વ્હોરા સમાજના મહોલ્લાઓમાં શેરીઓમાં સખત પોલીસ બંદોબસ્ત તેમજ પોલીસ પેટ્રોલિંગ કરવામાં આવે તેવી રજુઆત કરવામાં આવી છે. વધુમાં જણાવવાનું કે, અગાઉ આ શેરીઓ કે મહોલ્લામાં ચોરીના બનાવ બનેલા હોય જેના કારણે વ્હોરા સમાજના નાગરીકોને ભય રહે છે. તેથી જીલ્લા પોલીસ અધિક્ષકને ખાસ વિનંતી કરી મોહરમના પવિત્ર દિવસોમાં ભય વગર ખુદાની ઈબાદત કરી શકીએ. જેમાં વ્હોરા સમાજની શેરીઓ તથા મહોલ્લાઓ જેવા કે, હોટલ રામા વિસ્તાર, મોહંમદી સોસાયટી, જરૂવાલા ચાલ, ઈમાદી મસ્જિદ, ઓલ્ડ બુરહાની બાગ, બુરવાની હાઉસિંગ સોસાયટી, ફાતેમી બાગ, તાહેરી હોલ, અલેકીયા સોસાયટી, હકીમી સોસાયટી, નુર મશેલ્લા, ફરીદા–રી–હાઉસ, એકલવ્ય સોસાયટી મેઈન રોડ, બુરવાની બાગ વગેરે વિસ્તારોમાં પોલીસ બંદોબસ્ત ગોઠવવાની માંગ કરવામાં આવી છે.

## ફતેપુરા તાલુકાના યુવાને ૨૩૦૦ કિ.મી.નું અંતર કાપી ચારધામ યાત્રાએ નિકળતા બલૈયા ક્રોસીંગ ખાતે સ્વાગત કરાયું

દાહોદ,

કહેવાય છે કે, ''મન ચંગાતો કથરોટ મેં ગંગા'' અને અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી તે સાર્થક કરવા મનોબળની જરૂર છે, તેવી જ રીતે ફતેપુરા તાલુકાનો એક યુવાન ૨૩૦૦ કિલોમીટરનું અંતર સાયકલ ઉપર કાપી ચાર ધામની યાત્રાએ નીકળતા બલૈયા ક્રોસિંગ તથા સુખસર ખાતે આવી પહોંચતા ફૂલહાર તથા નાળિયેર આપી તેનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું અને યુવાન ચારધામની યાત્રાએ જવા રવાના થતા શુભેચ્છકોએ યુવાનની યાત્રા સફળ રહે તેવા આશીર્વાદ આપ્યા હતા.

દાહોદ જીલ્લાના ફતેપુરા તાલુકાના ભોજેલા ગામનો યુવાન ચિરાગભાઈ વળવાઈ આજરોજ ભોજેલા થી ઉત્તરના ચારધામ એવા કેદારનાથ, બદ્રીનાથ, યમુનોત્રી તથા ગંગોત્રી જવા માટે સાયકલ ઉપર નીકળેલ હોવાનું જાણવા મળે છે. જોકે, આ ચારધામની યાત્રાએ નીકળેલો યુવાન ૨,૩૦૦ કિલોમીટરનું અંતર કાપી ચારધામના દર્શન કરશે. જ્યારે આ પ્રવાસી યુવાન આજરોજ સુખસર આવી પહોંચતા તેનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું અને સુખસર પ્રખંડના આગેવાનો, કાર્યકર્તાઓ તેમજ સ્થાનિક લોકોએ ફૂલહાર પહેરાવી ફળ અર્પણ કરી શુભેચ્છા પાઠવવામાં આવી હતી. તેમજ આ પ્રવાસી યુવાનની યાત્રા સફળ થાય તેવી શુભકામનાઓ સાથે રવાના કરવામાં આવ્યો હતો.

## સંજેલીના મોલી ગામે નલ સે જલ યોજનાની કામગીરી અધુરી છોડી દેવાતાં પટેલ ફળીયાના લોકોને પાણી માટે વલખાં

દાહોદ,

દાહોદ જીલ્લાના સંજેલી તાલુકાના મોલી પંચાયતમાં આઠ જેટલા ફળિયા આવેલા છે. જેમાં ૩,૦૦૦ જેટલી વસ્તી ધરાવતું ગામ છે. મોલીમાં નલ સે જલ યોજનાનો કામો અધૂરા છોડી દેવામાં આવ્યા છે અને અમુક જગ્યાએ કામ પૂર્ણ કર્યા પણ ત્યાં પાણી આવતું નથી. સરકાર કરોડો રૂપિયા ફાળવી ખર્ચો કરીને ઘરે ઘરે સુધી પાણી આપવા માટે આ સરકારી યોજના શોભાના ગાંઠિયા સમાન સાબિત થઈ રહી છે. લે ભાગુ કોન્ટ્રાકટર દ્વારા યોગ્ય પ્રમાણમાં કામગીરી કરવામાં આવતી નથી અધુરી કામગીરી છોડીને જતા રહેતા હોય છે. વહીવટીતંત્ર દ્વારા તપાસ કરવામાં આવે અને અધૂરી કામગીરી પૂર્ણ કરવામાં આવે તો આ કાયમ માટેનો પ્રશ્ન હલ થઈ શકે છે. હાલ મોટાભાગના કુવા બોરમાં પાણીના તર બહુ નીચે ઉતરી ગયા છે અને પાણી ન મળવાથી મોલી ગામના પટેલ ફળિયામાં વિસ્તારમાં લોકો પાણી માટે વલખાં મારી રહ્યા છે અને વેચાતું પાણી લેવાનું વારો આવ્યો છે. વહેલી તકે પાણીની વ્યવસ્થા કરી આપવા માટે સંજેલી તાલુકા વિકાસ અધિકારીને લેખિત રજૂઆત કરાઈ છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.265

# ગોધરા નીટ ચોરી ષડયંત્રના પાંચ આરોપીઓને ગોધરા સેશન્સ કોર્ટે મુખ્ય જજએ અમદાવાદ સાબરમતી જેલમાં ખસેડવાનો હુકમ કર્યો



ગોધરા,
ગોધરા નીટ પરીક્ષામાં ચોરીના ષડયંત્રની તપાસ સીબીઆઈને સોંપવામાં કરી રહી છે. ત્યારે પંચમહાલ પોલીસ દ્વારા પકડવામાં આવેલ પાંચ આરોપીઓ પૈકી ૪ આરોપીઓને સીબીઆઈએ ગોધરા સેશન્સ કોર્ટમાં રજુ કરી ૪ દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. રિમાન્ડ પુરા થતાં ચાર આરોપી સહિત પરશુરામ રોયને અમદાવાદ સાબરમતી જેલમાં ખસેડવાનો હુકમ કરતાં આરોપીઓને અમદાવાદ સાબરમતી જેલમાં ખસેડવા તજવીજ હાથ ધરી છે. જયારે જય જલારામ સ્કુલના ચેરમેન દિક્ષિત પટેલની સીબીઆઈ દ્વારા હાલ પુછપરછ ચાલી રહી છે.

ગોધરા જય જલારામ સ્કુલમાં નીટ પરીક્ષામાં ચોરી ષડયંત્રની તપાસ સીબીઆઇ કરી રહી છે. સીબીઆઇ દ્વારા નીટ પરીક્ષા ચોરીમાં પંચમહાલ પોલીસ દ્વારા ઝડપી પાડવામાં આવેલ પાંચ આરોપીઓ પૈકી તુષાર ભટ્ટ, વિભોર આનંદ, આરીફ વ્હોરા, પુરસોત્તમ શર્માને સીબીઆઇ દ્વારા ગોધરા સેશન્સ કોર્ટમાં રિમાન્ડ માટે રજુ કરવામાં આવ્યા હતા. ગોધરા સેશન્સ કોર્ટ દ્વારા ચાર આરોપીઓના ૪ દિવસના રિમાન્ડ મંજુર કરતાં સીબીઆઈ દ્વારા ૪ આરોપીઓની પુછપછર હાથ ધરી હતી. ૨ જુનના રોજ ૪ દિવસના રિમાન્ડ પુરા થતાં ગોધરા સેશન્સ કોર્ટમાં રજુ કરવામાં આવ્યા હતા. ત્યારે સેશન્સ કોર્ટના મુખ્ય જજ સી.કે.ચૌહાણ દ્વારા ચાર આરોપી તેમજ પરશુરામ રોય મળી પાંચ આરોપીઓને અમદાવાદ સાબરમતી જેલમાં ખસેડવાનો હુકમ કરતાં સીબીઆઈ તેમજ સ્થાનિક પોલીસ દ્વારા પાંચ આરોપીઓને સાબરમતી જેલમાં ખસેડવાની તજવીજ હાથ ધરી છે. ત્યારે નીટ પરીક્ષા ચોરીમાં સંડોવાયેલા પાંચ આરોપીઓની સીબીઆઈ દ્વારા અમદાવાદ ખાતેથી પુછપરછ હાથ ધરવામાં આવશે. નીટ પરીક્ષા ચોરીના ષડયંત્રમાં જય જલારામ સ્કુલના ચેરમેન દિક્ષિત પટેલ હાલ સીબીઆઈના રિમાન્ડમાં પુછપરછ કરાઈ હતી. જયારે સેશન્સ કોર્ટ દ્વારા પાંચ આરોપીઓને સાબરમતી જેલ ખસેડવાનો હુકમ કરાયો.

# અડાદરા ગામમાં આર.સી.સી. રોડમાં મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર રોડ બનાવ્યાના ગણતરીના દિવસોમાં ધોવાયને કપચી બહાર



- કાલોલ એસ.ઓ.ની કોન્ટ્રાકટર અને તલાટીઓ સાથે સાંઠગાંઠની લોકોમાં ચર્ચા.
- કાલોલ એસ.ઓ.ને કોન્ટ્રાકટર તેમજ તલાટીઓ સરપંચ પરસાદ આપતા હોવાની લોકોમાં ચર્ચા.
- કાલોલ એસ.ઓ. દ્વારા કોન્ટ્રાકટરના ભ્રષ્ટાચારના કામો સામે આંખ આડા કાન કરતા હોવાની ચર્ચા.
- કાલોલ એસ.ઓ. દ્વારા કોન્ટ્રાકટર ને ભ્રષ્ટાચાર કરવા લાયસન્સ આપ્યું હોવાની ચર્ચા.

કાલોલ,
કાલોલ તાલુકાના અડાદરા ગ્રામ પંચાયતમાં કોન્ટ્રાકટર અને તલાટી ક્રમ મંત્રી દ્વારા મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર ૧૫માં નાણાં પંચ યોજના હેઠળ બનેલ રોડ માત્ર ગણતરીના થોડા દિવસમાં સીમેન્ટ ધોવાતા કપચી, રેતી બહાર નીકળી જતા કોન્ટ્રાકટર અને તલાટી ક્રમ મંત્રીનો ભ્રષ્ટાચારની પોલ ખુલી અડાદરા ગામમાં આવેલ સુથાર ફળીયામાં કોન્ટ્રાકટર દ્વારા લેવલિંગ કર્યા વગર હલકીકક્ષાનું મટીરીયલ વાપરી સરકારી ધારાધોરણ મુજબ આર.સી.સી. રોડની કામગીરી કરવામાં આવી ન હતી. જેથી આર.સી.સી. રોડનો સિમેન્ટ ધોવાતા રોડની કપચી બહાર આવી હતી અને રોડનું લેવલિંગ ન હોવાથી આર.સી.સી. રોડ ઉપર વરસાદી પાણીના ખાબોચિયા ભરાયા હતા. જેથી સ્થાનિક રહીશો ત્રાહીમામ પોકારી ગયા છે અને રોગચાળો ફાટી નીકળવાની દહેશત સતાવી રહી છે. ત્યારે કાલોલ તાલુકા પંચાયતના એસ.ઓ. દ્વારા માત્ર ઓફિસમાં બેસી ભ્રષ્ટાચારની કોઈ પણ જાતની તપાસ કે સ્થળ નિરક્ષણ કર્યા વગર કોન્ટ્રાકટર પાસેથી પરસાદ મેળવતા હોય તેવું લાગી રહયું છે અને કાલોલ તાલુકા પંચાયત એસ.ઓ. ને તાલુકા વિકાસ અધિકારી દ્વારા કોઈપણ સ્થળનું નિરક્ષણ કર્યા વગર આડેધડ કામોના બીલો પાસ કરવાનું લાયસન્સ આપી દીધું હોય તેવું લાગી રહયું છે .

# હાલોલના બાસ્કા ગામે મારમારી જાનથી મારી નાખવાના ગુનામાં તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ મુજબ ગુનો નોંધાયો

હાલોલ,
હાલોલ તાલુકાના બાસ્કા ગામે ફરિયાદીની ફરિયાદ માટે મહિલાએ આરોપીએ હાથમાં લાકડી મારી પાડી નાખી માથાના ભાગે લાકડી મારતાં મહિલાને ખેંચ આવતા પડી ગયેલ જયારે અન્ય ત્રણ આરોપીએ ગડદાપાટુનો મારમારી મારી નાખવાની ધમકી આપી ગુનો કરતાં આ બાબતે હાલોલ રૂરલ પોલીસ મથકે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૧૧૫(૨), ૩૫૧(૨), ૩૫૨-૩(૧) તથા જીપી એકટ મુજબ ગુનો નોંધાવા પામ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ તાલુકાના બાસ્કા ગામે રહેતા ફરિયાદી સાહિદભાઇ સલીમભાઇ શેખની ફરિયાદ માટે ફરહાનબેનને આરોપી સીરાઝ અબ્દુલ મકરાણીએ હાથના ભાગે લાકડી મારી પાડી દીધા હતા અને માથામાં લાકડી મારતાં ફરહાનબેનને ખેંચ આવતા પડી ગયેલ હોય ત્યારે આરોપીઓના સપુત્ર સીરાજ અલીમકરાણી, તાહિર અલી મકરાણુી, ઇનાયત અલી લાલ મહંમદ મકરાણીને ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવામાં આવતાં આરોપીઓ વિરૂદ્ધ હાલોલ રૂરલ પોલીસ મથકે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ મુજબ ગુનો નોંધાવા પામ્યો.

# શહેરા વલ્લભપુરના જે.બી.સોલંકીની કરણીસેનાના જીલ્લા અધ્યક્ષ તરીકે વરણી કરાઈ





શહેરા,
શહેરા તાલુકાના વલ્લભપુર ગામના જે.બી.સોલંકીને કરણી સેનાના જીલ્લા અધ્યક્ષ તરીકે વરણી કરવામાં આવતા તેમના સમર્થકોમાં ખુશીની લહેર છવાઈ ગઈ હતી. જશવંતસિંહ સોલંકીને રૂબરૂમાં અભિનંદન પાઠવવા માટે મોટી સંખ્યામાં તેમના સમર્થકો ઉમટી આવ્યા હતા.

શહેરા તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતા અને વલ્લભપુર ગામના જે.બી.સોલંકીની સારી કામગીરીને લઈને ક્ષત્રિય કરણી સેના ગુજરાત દ્વારા કરણી સેનાના જીલ્લા અધ્યક્ષ પંચમહાલ તરીકે વરણી કરવામાં આવી હતી. જશવંતસિંહ સોલંકીની કરણી સેનાના જીલ્લા પ્રમુખ તરીકે વરણી કરવામાં આવતા તેમના સમર્થકોમાં ખુશીની લહેર છવાઈ જવા સાથે સોશિયલ મીડિયામાં અને રૂબરૂમાં તેમના સમર્થકો અભિનંદન પાઠવી રહ્યા હતા. કરણી સેનાના જીલ્લા અધ્યક્ષ તરીકે જશવંતસિંહ સોલંકીની વરણી કરવામાં આવતા ઘણાં બધા લોકો તેમને મોબાઈલ ના માદયમ દ્વારા પણ શુભેચ્છાઓ પાઠવી રહ્યા હોય ત્યારે આગામી સમયમાં જશવંતસિંહ સોલંકી ઉપસ્થિતિમાં ઘણાં બધા લોકો ક્ષત્રિય કરણી સેનામાં જોડાઈ શકે તેવી શક્યતાઓ પણ રહેલી છે. જોકે, જે.બી. સોલંકી એક નવા અંદાજ સાથે હવેથી કરણી સેનાના જીલ્લા પ્રમુખ તરીકે પોતાની નૈતિક ફરજ બજાવશે તો નવાઈ નહી.

# વેજલપુર ગ્રામ પંચાયતમાં બોગસ દસ્તાવેજો આધારે લગ્નની નોંધણી કરનાર તલાટીની ક્રમ મંત્રીની આગોતરા જામીન અરજી વિસનગર કોર્ટે ફગાવી

વેજલપુર,
વેજલપુર ખાતે તલાટી ક્રમ મંત્રી તરીકે ફરજ બજાવતા ગોહિલ પટેલ રવિન્દ્રસિંહ સામે મહેસાણાના વડનગર પોલીસ સ્ટેશનમાં તલાટી ક્રમ મંત્રી અને નોટરી સહિત ૬ વ્યકિત સામે ફરિયાદ નોંધાઈ હતી. વડનગર તાલુકાના સિંપોર ગામના ખેડૂત દશરથસિંહ તખાજી સોલંકીના મોટા દીકરાની ૨૨ વર્ષ ૧૦ માહની દીકરી તારીખ ૫/૪/૨૦૨૪ નારોજ ઘરેથી શાકભાજી લેવા જવાનું કહીને નીકળ્યા બાદ ઘરે પરત નહીં આવતા તેમના પોતાની પોત્રીને ગામના મહિરાજસિંહ કીર્તિસિંહ સોલંકી સામે શંકા જતા ફરિયાદ કરી હતી. જેમાં ધરપકડ થી બચવા તલાટી ક્રમ મંત્રી નાસ્તા ફરે છે, તેઓએ મહેસાણાના બીજા એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ વિસનગર કોર્ટે માં આગોતરા જામીન માટે અરજી દાખલ કરી હતી. સરકારી વકીલ દ્વારા કરેલ દલીલોમાં તલાટી ક્રમ મંત્રીની આગોતરા જામીન અરજી મંજુર કરવામાં આવે તો સાક્ષીઓ ઉપર દબાણ કરશે સહ આરોપીઓને હાજર થવા દેશે નહી, અને આવી પ્રવૃત્તિઓ અટકશે નહીં સ્ત્રીઓની સલામતી અંગે સરકારે કાયદા બનાવેલ છે. જો આવા ગુનામાં સંડોવાયેલા આરોપીને જામીન મુક્ત કરાય તો આવી પ્રવૃત્તિઓ કરતા ઈસમોને કાયદાનો ડર રહેશે નહીં આરોપીનું નામ પહેલેથી જ ફરિયાદમાં છે. જેઓ નાસ્તા ભાગતા ફરે છે અને તેઓની હાજરી વગર તપાસ આગળ વધી શકે તેમ નથી. જે દલીલો આધારે તલાટી ક્રમ મંત્રીની આગોતરા અરજી આજરોજ સોમવારે કોર્ટે દ્વારા ના મંજૂર કરી છે. છોકરીને ભગાડી જઈ પાલનપુર ખાતે ખોટા દસ્તાવેજો અને સાક્ષી ઊભા કરી ખોટી વિધિ કરાવીને વેજલપુર ખાતે હાજર થયા વગર જ લગ્નની નોંધણી કરાવડાવી હોવાનું એકબીજાના મદદગારીનો ગુનો નોંધાયો હતો અને જે બ્રાહ્મણ પાસે સહી કરાવેલ તે ક્યારેય વેજલપુર ગયો નથી તેમ છતાં પણ લગ્નની નોંધણી કરી દેવાઈ હતી. જેથી મહેસાણા ના વડનગર પોલીસ મથકેવેજલપુર તલાટી ક્રમ મંત્રી સહિત ૬ વ્યકિત સામે ફરિયાદ નોંધાય હતી.

# ઘોઘંબા ભોજપુરાના સિવિલમાં સારવાર માટે લાવેલ વ્યકિત કયાંક ગુમ થઈ જતાં ગોધરા એ ડીવીઝનમાં લેખિત ફરિયાદ



ઘોઘંબા,
ઘોઘંબા તાલુકાના ભોજપુરા ગામે રહેતા હર્ષદભાઇ અરવિંદસિંહ પરમારના પિતા અરવિંદસિંહ અંદરસિંહ પરમારને હાથમાં વાગેલ હોવાથી ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતા. સિવિલમાંથી ૨૬ જુનની રોજ રાત્રીના ૧૨ વાગ્યા પછી કયાંક ગુમ થઈ ગયેલ છે. તેમના સગાંસંબંધીમાં પુછપરછ કરતાં મળી આવેલ ન હોય આ બાબતે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે ગુમ થયાની લેખિત અરજી આપવામાં આવી.

# શહેરા તાલુકા પ્રા.શિક્ષક કર્મચારી ધિરાણ સ.મંડળીની ૫૪ સાધારણ સભા કાંકરી મોડલ સ્કુલ ખાતે યોજાઈ



શહેરા,
શહેરા તાલુકા પ્રાથમિક શિક્ષક કર્મચારી ધિરાણ સહકારી મંડળીની ૫૪ મી સાધારણ સભા રામાભાઇ પાટીદારની અધ્યક્ષતામાં કાંકરી મોડલ સ્કૂલ ખાતે યોજાઈ હતી. આ સાધારણ સભામાં મંડળીને લગતી મહત્વની ચર્ચા કરવામાં આવા સાથે મંડળીના ચેરમેન વિનોદચંદ્ર પરમાર, વાઇસ ચેરમેન અર્જુનસિંહ બારીઆ અને કારોબારી ભરતભાઇ પટેલ સહિત મોટી સંખ્યામાં સભાસદો ઉપસ્થિત રહ્યા હતા.

શહેરા તાલુકા પ્રાથમિક શિક્ષક કર્મચારી ધિરાણ સહકારી મંડળીની ૫૪ની સાધારણ સભા કાંકરી મોડલ સ્કૂલ ખાતે રાખવામાં આવી હતી. આ સાધારણ સભાના અધ્યક્ષ રામાભાઇ પાટીદાર, મંડળીના ચેરમેન વિનોદચંદ્ર પરમાર, વાઇસ ચેરમેન અર્જુનસિંહ બારીઆ અને કારોબારી અધ્યક્ષ ભરતભાઇ પટેલ, રાષ્ટ્રીય સ્વૈચ્છિક સંઘના રાજયના મહામંત્રી અનિરૂદ્ધસિંહ સોલંકી તેમજ તાલુકા ઘટક સંઘના પ્રમુખ વિનોદભાઈ માછી સહિતના આમંત્રિત મહેમાનોના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને મંડળીની સાધારણ સભાની શરૂઆત કરાઈ હતી. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મંડળીના ચેરમેન અને વાઇસ ચેરમેન સહિત મહાનુભાવોનું મંડળીના સભ્યો દ્વારા ફૂલોનું બુકે આપીને સ્વાગત કરવામાં આવ્યું હતું. આ સાધારણ સભાના અધ્યક્ષ રામાભાઈ પાટીદાર અને કારોબારી અધ્યક્ષ ભરતભાઈ પટેલની ઉપસ્થિતિમાં સભાસદ સુરક્ષા યોજના બાબતે અને દરેક સભાસદને રૂપિયા ૧૫ લાખ રૂપિયાની મર્યાદામાં લોન ની મંજૂરી આપવામાં આવા સાથે મંડળી ને લગતી મહત્વની ચર્ચાઓ સભાસદોની ઉપસ્થિતિમાં કરાઈ હતી. જ્યારે સોસાયટીના એક વર્ષ દરમિયાનના જે કઈ કામો થયા તેની સંપૂર્ણ માહિતી ઝલક પટેલ દ્વારા પેનલ બોર્ડ પર બતાવીને સંપૂર્ણ માહિતી સભાસદોને આપવામાં આવી હતી. જ્યારે નિવૃત્ત થયેલા શિક્ષકોને પુષ્પગુચ્છ અને સાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. આ તાલુકા પ્રાથમિક શિક્ષક કર્મચારીના સરકારી મંડળીની ૫૪મી સાધારણ સભામાં મંડળીના કારોબારી અધ્યક્ષ ભરતભાઈ પટેલ, જીલ્લા ઘટક સંઘના મંત્રી અનોપસિંહ બારીયા અને સ્વૈચ્છિક સંઘના અધ્યક્ષ મિતેશભાઈ પટેલ, મહામંત્રી જયપાલસિંહ બારીયા, મંડળીના પૂર્વ ચેરમેન શંકરભાઈ બારીયા, સરદારભાઈ વણઝારા સહિત મોટી સંખ્યામાં મંડળીના સભાસદોની ઉપસ્થિતિમાં શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થઈ હતી.

# ગોધરા નગર પાલિકા અને પ્રદુષણ નિયંત્રણ બોર્ડની કામગીરીમાં ઝોન-૧માં કાર્યવાહી : અન્ય ત્રણ ઝોન બાકાત કેમ ?




- ગોધરામાં આકસ્મિક ચેકીંગમાં ૨૫૬ કિલો સિંગલ યુઝ પ્લાસ્ટીક ઝડપાયું.
- ત્રણ વેપારીઓ સામે રૂા. ૧૧ હજારનો દંડ.
- વિસ્તારમાં તંત્રના સપાટાથી અન્ય નાના વેપારીઓમાં ફફડાટ.

ગોધરા,
ગોધરા નગર પાલિકા દ્વારા ઝોન નં.૧માં સમાવેશ પામતા વિસ્તારોમાં આવેલી દુકાનોમાં ચેકીંગ કરીને ત્રણ વિક્રેતા પાસેથી પ્રતિબંધિત સિંગલયુઝ પ્લાસ્ટીક મળી આવતા ૨૫૬ કિલો જથ્થો જપ્ત કરીને રૂા.૧૧ હજારનો દંડ ફટકારવામાં આવતાં અન્ય વેપારીઓમાં ફફડાટ વ્યાપ્યો છે. જોકે, બાકી ત્રણ ઝોનમાં કામગીરી હાથ નહીં ધરવા સામે પણ જાગૃત નાગરિકો અનેક સવાલો કરી રહ્યા છે.

આજના સમયમાં ઠેરઠેર બજારોમાં ખરીદી આધારે પ્લાસ્ટીકની બેગનો બેફામ પણે ઉપયોગ થઈ રહ્યો છે. જેમાંય સામાન્ય શાકભાજી ખાદ્યપદાર્થ કરિયાણા કે અન્ય સામગ્રીની ખરીદી સિંગલ યુઝ પ્લાસ્ટીકની બેગમાં નાનાથી લઈ મોટા વેપારીઓ ચેકીંગ કરીને પધરાવી દે છે. જેને લઈને દિનપ્રતિદિન આવી નબળી ગુણવત્તાની પ્લાસ્ટીકની બેગનો બહોળો વપરાશ સાથે માંગ વધી રહી છે. વૈજ્ઞાનિક ધારાધોરણ મુજબ આરોગ્ય માટે હાનિકારક હોવાની સાથે તેનો ફરી ઉપયોગ થતો ન હોય વપરાશકારો જાહેર રસ્તા- ખુલ્લામાં ફેંકી દેતા હોય છે. જેનાથી આ પ્લાસ્ટીક ગમે ત્યાં ઉડીને પડી રહે છે. આવતા જતા રાહદારીઓ લપસવાના કે તેની ઉપર ગંદકીના થર જામી થાય છે. ગાય જેવા નિર્દોષ પ્રાણીઓ ખોરાની શોધમાં આવીને ખાઇ જતાં બિમાર કાંતો મોતને ભેંટે છે. ખાસ કરીને ચોમાસામાં ખુલ્લી ગટરમાં પડતી આવી બિનઉપયોગી એવી અનેક નકામી પ્લાસ્ટીક બેગથી કચરો એકત્રિત કરીને દિવસો સુધી ગટરોની સાફસફાઈ કરવામાં નહીં આવતા દિવસે દિવસે વધુ કચરાનો જથ્થો ભેગો જથઈને વરસાદી પાણીનો નિકાલ નહિ થવાથી દુર્ગંધ ફેલાવાની સાથે રોડ ઉપર ગટરના અને વરસાદી પાણીથી ઉભરાઈને રોડ ઉપર આડેધડ ફેલાઈ જાય છે. પરિણામે દિવસો સુધી ગંદકીના મીની તળાવો રચાઈ જતાં આવતા જતા રાહદારીઓ તથા વાહન ચાલકોને મુશ્કેલીઓનો વારો આવી રહ્યો છે. આવી સમસ્યાને કારણે પર્યાવરણ અને આરોગ્યને અનુલક્ષીને સરકાર દ્વારા સિંગલ યુઝ એટલે કે, ૧૫૦ માઈક્રોઓનથી નીચી ગુણવત્તાની પ્લાસ્ટીક ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે અને તેના અમલીકરણ માટે સ્થાનિક સત્તા મંડળને સોંપાઈ છે. જેના ભાગરૂપે અવારનવાર પ્રદુષણ નિયંત્રણ બોર્ડ અને ગોધરા નગર પાલિકા દ્વારા ચેકીંગ કરવા છતાં હજુ બેરોકટોક વપરાશ ચાલી રહ્યો છે. ત્યારે ફરી એકવાર મંગળવારે ગોધરા નગર પાલિકાના ઈન્ચા. સેનેટરી ઈન્સ્પેકટર આર.કે.મહેતા તથા તેઓની ટીમે ઝોન નં-૧માં આવેલા વિસ્તારોની વિવિધ દુકાનોમાં સરપ્રાઇઝ ચેકીંગ હાથ ધર્યું હતું. દરમિયાન બસ સ્ટેન્ડ રોડ સ્થિત કૈલાશ પ્લાસ્ટીક, જહુરપુરા વિસ્તારની વિનાયક પ્લાસ્ટીક તથા કમલ પ્લાસ્ટીકની દુકાનો માંથી કુલ ૨૫૬ કિલો સિંગલ યુઝ પ્લાસ્ટીકનો જથ્થો મળી આવ્યો હતો. જેથી ત્રણ વિક્રેતાઓને રૂા.૧૧,૦૦૦/-નો દંડ ફટકારવામાં આવતાં અન્ય વેપારીઓમાં ફફડાટની લાગણી વ્યાપી ગઈ હતી. એટલું જ નહી નાના વેપારીઓ છુપાઈ છુપાઇને ધંધો કરવાનો વારો આવ્યો હતો. જોકે, ઝોન નં-૧માં આ પ્રકારે પ્રતિબંધિત સીંગલ યુઝ પ્લાસ્ટીક સામે ઝુંબેશ હાથ ધરાઈ હતી. તો બાકીના ત્રણ ઝોનમાં હાલ એકપણ પ્રકારની કાર્યવાહી હાથ ધરવામાં નહીં આવતાં જાગૃત નાગરિકો પણ પ્રદુષણ નિયંત્રણ બોર્ડ અને ગોધરા નગર પાલિકાની કાર્યરીતિ સામે પ્રશ્નાર્થો કરી રહ્યા છે કે, અહીં પણ આવેલી દુકાનોમાં ખુલ્લેઆમ પ્લાસ્ટીકનો ઉપયોગ થઈ રહ્યો હોવા છતાં કોઇ પગલાં લેવામાં આવતા નથી. તેઓને જાણે છુટ્ટોદોર મળી ગયો હોય તેમ ખુલ્લેઆમ ચીજવસ્તુઓ પેકીંગ કરીને આપતા વેપારીઓમાં કાયદાનો કોઈ ડર રહ્યો નથી. ત્યારે આગામી દિવસોમાં પણ ખાસ ઝુંબેશના દિવસે બાકાત રહેલા વિસ્તારોનો સમાવેશ કરવામાં આવે તેમ પર્યાવરણવાદીઓ ઈચ્છી રહ્યા છે.

# જાંબુઘોડા કાળીયાવાવ ચેક પોસ્ટ પાસેથી પીકઅપમાં કત્તલના ઈરાદે લઈ જવાતી ૬ ગાયો સાથે ઈસમને પોલીસે ઝડપ્યો

જાંબુઘોડા,
જાંબુઘોડા થી હાલોલ જતા રોડ ઉપર કાળીયાવાવ ચેકપોસ્ટ પાસે જાંબુઘોડા પોલીસના ચેકીંગ દરમિયાન પીકઅપ ડાલાને રોકવામાં આવ્યું હતું અને પીકઅપમાં કત્તલ માટે લઈ જવામાં આવતાં ૬ ગાયોને બચાવી લેવામાં આવી. પોલીસે વાહન છોડી ભાગતા ઈસમને ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ જાંબુઘોડા પોલીસ કાળીયાવાવ ચેકપોસ્ટ પાસે ચેકીંગમાં હતા. દરમિયાન બોડેલે થી હાલોલ રોડ આવતાં પીકઅપ ડાલાને રોકવામાં આવતા ચાલક વાહન છોડી નાશવા લાગ્યો હતો. પોલીસ ઈસમને ઝડપી પાડયો હતોે. જ્યારે પીકઅપ ડાલામાં કત્તલના ઈરાદે ઘાસચારો પાણી વગર લઈ જવાતા ૬ ગાયોને બચાવી લઈ ૩.૯૫ લાખના મુદ્દામાલ સાથે ઝડપાયેલ મહંમદ મુસ્તકીક મોહમદ મકરાણી સામે જાંબુઘોડા પોલીસ મથકે ગુનો નોંધાવામાં આવ્યો. જ્યારે પશુઓની હેરાફેરીમાં સંડોવાયેલા જીતુ રાજુભાઈ વાલ્મિકી, સચિત વાલ્મિકી (રહે. આમદરા, પાવીજેતપુર)ને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા.

# નવા કાયદા અંગે કાલોલ પોલીસ મથકે લોક જાગૃતિ લાવવા કાર્યક્રમ યોજાયો. જેમાં સરકારી પણ વકીલ હાજર રહ્યા.

ગોધરા,
કાલોલ પોલીસ સ્ટેશન મથકે નવા કાયદા ની માહીતી આપવા અને જગૃતી લાવવા કાલોલ પોલીસ સ્ટેશન ના પીએસઆઈ એલ એ પરમાર અને સરકારી વકીલ આર. કે રાઠોડ ની હાજરીમાં પોલીસ મથકે કાર્યક્રમ યોજાયો હતો જેમા મોટી સંખ્યામાં નાગરીકો હાજર રહ્યા હતા.સમગ્ર દેશમાં ત્રણ નવા ફોજદારી કાયદા લાગુ થઈ ગયા છે.૫૧ વર્ષ જૂના સી આર પી સી નું સ્થાન ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS) લેશે. ભારતીય દંડ સંહિતાનું સ્થાન ભારતીય ન્યાય સંહિતા (BNS) અને ઈન્ડિયન એવિડન્સ એક્ટનું સ્થાન ભારતીય સાક્ષ્ય અધિનિયમ (BSA) લેશે. મહિલાઓ સાથે જોડાયેલા મોટા ભાગના ગુનામાં અગાઉથી વધારે સજા મળશે. ઈલેક્ટ્રોનિક માહિતીથી પણ એફ આઈ આર નોંધાવી શકશે. સામાજિક સેવા જેવા કાયદા પણ લાગુ થશે જેથી નવા કાયદા અંગે માહિતી આપી હતી કાલોલ પોલીસ મથકે નવા કાયદા અંગે લોક માં જાગૃતિ લાવવા માટે કાર્યક્રમ યોજાયો હતો